સુવિચાર
"આપણી ત્વચા શ્યામ હોય તો ચાલી જશે, આપણી નિયતિ કૃષ્ણ જેવી હોવી જોઈએ."
:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૮/૧૨/૨૦૨૫, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ્ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

amreli express

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ માગશર વદ-૧૪ વર્ષ : ૧૬ અંક : ૩૧૦



ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.


## જુનાગઢ પંથકનાં યુવકો વડિયાથી ધાર્મિક કાર્ય પૂર્ણ કરી પરત જતાં હોય

# બગસરાનાં હડાળા નજીક કાર પલ્ટી જતાં ૩ યુવકોનાં મોત

**મોડી રાત્રિએ ચાલકે કાર પરનો કાબુ ગુમાવતાં કાર પલ્ટી જતાં ગંભીર અકસ્માત થયો**

**અન્ય એક યુવકને ગંભીર ઈજા થતાં પ્રથમ બગસરા બાદ સારવાર અર્થે અમરેલી ખસેડાયેલ**

**મૃતક યુવકો જુનાગઢ અને ધોરાજી પંથકનાં હોવાનું બહાર આવ્યું**

**ફાયર ટીમને ચારેય યુવકોને કારમાંથી બહાર કાઢવામાં ભારે મહેનત કરવી પડી**



અમરેલી, તા. ૧૭

બગસરા તાલુકાના હડાળા ગામ નજીક આજે વ્હેલી સવારે એક કારનાં ચાલકે ઓવર સ્પીડના કારણે સ્ટીયરીંગ ઉપરનો કાબૂ ગુમાવી દેતાં કાર રોડ ઉપરથી નીચે ઉતરી ખેતરમાં ઝાડ સાથે ધડાકાભેર અથડાતા કારમાં બેઠેલાં ચાર પૈકી ત્રણનાં ઘટનાં સ્થળે મોત નિપજયાં હતાં. જયારે એકની હાલત ગંભીર હોય સારવાર માટે દવાખાને ખસેડાયેલ છે. આ અકસ્માત એટલો ગંભીર હતો કે, અમરેલી ફાયર ફાયટરની ટીમે ઈમર્જન્સી રેસ્કયુ કરી વ્હીકલ સાથે તુરંત ઘટના સ્થળ પર પહોંચી પોતાની સૂઝબુજ તથા આધુનિક સાધનોની મદદથી ચારેય વ્યકિતઓનું રેસ્કયુ કરી બહાર કાઢેલ હતાં.

આ બનાવમાં મળતી વિગત મુજબ જૂનાગઢ ગામે રહેતાં વિકાસ સવજીભાઈ સાવલિયા, ધોરાજી તાલુકાના જાલણસર ગામે રહેતાં મંથનભાઈ સાવલિયા, ધર્મેશભાઈ સાવલિયા તથા

અનુસંધાન પાના ૬ ઉપર

## આર્થિક પછાત જિલ્લામાં સાયબર ફ્રોડના કરોડો રૂપિયાની હેરફેર

# અમરેલી જિલ્લામાં સાયબર ફ્રોડનાં નાણા ખાતામાં જમા કરાવનાર વિરૂધ્ધ 3 ફરિયાદ નોંધાઈ

**દિ'ઉગેને કોઈને કોઈ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ રહી છે ફરિયાદ**

અમરેલી, તા. ૧૭

અમરેલી જિલ્લામાં છેલ્લા ઘણા જ દિવસથી મ્યુલ ખાતામાં સાયબર ફ્રોડ દ્વારા થતાં નાણા જમા કરાવી અને તે સાયબર ફ્રોડના મોટી રકમના નાણા સગેવગે કરવા માટેનું મોટું કૌભાંડ ચાલતું હોય આ કૌભાંડમાં રોજે રોજ પોલીસ ફરિયાદ નોંધાય રહી છે. ત્યારે વધુ ત્રણ પોલીસ ફરિયાદ નોંધાય છે.

પ્રથમ બનાવમાં સાવરકુંડલા ગામે હાથસણી રોડ ઉપર ભરવાડ છાત્રાલય પસે રહેતા હિંમતભાઈ મધુભાઈ ઉનાવા તથા મહુવા તાલુકાના ગોરસ ગામે રહેતા અજીતભાઈ સામતભાઈ પરમાર નામના બે ઈસમોએ મળી મ્યુલ ખાતા નં. ૦૦૦૦૦૪૪૦૭૧૬૨૯૮૫ માં તા. ૧૮/૯ થી તા.૨૬/૯ દરમ્યાન યુપીઆઈ અને આરટીજીએસ અને આઈએમપીએસ અને એનઈએફટી તથા ચેક મારફતે સાયબર ફ્રોડના કુલ રૂા.૧૭,૮૦,૪૭૨ રૂપિયા જમા થતાં હોવાનું આરોપીઓ પોતે જાણવા છતાં પોતાના આર્થિક ફાયદા સારૂ આરોપીઓએ ચેક તથા એ.ટી.એમ. મારફતે સાવરકુંડલા તથા સુરત વિગેરે જગ્યાએથી ઉપાડી સગેવગે કરી ગુન્હો કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

બીજા બનાવમાં લાઠી તાલુકાના જાનબાઈ દેરડી ગામે રહેતા ગોપાલભાઈ મશરૂભાઈ ગોલીતર નામના ૨૩ વર્ષીય યુવકે તેના લાઠી શાખાના એસ.બી.આઈ. બેંકના એકાઉન્ટ નં. ૪૦૨૪૭૮૬૩૮૪૩ માં તા. ૨૪/૩/૨૫ થી તા. ૨૯/૩/૨૫ સુધીના સમયગાળા દરમ્યાન અલગ–અલગ તારીખે સાયબર ફ્રોડના કુલ રૂપિયા ૭,૫૦,૦૦૦ પોતાના બેન્ક ખાતામાં સાયબર ફ્રોડના રૂપિયા જમા થતા હોવાનું જાણવા છતા પોતાના

અનુસંધાન પાના ૬ ઉપર

## જિલ્લામાં વાહન અકસ્માતનાં ૨ બનાવમાં ૪ મૃત્યુ

# જાફરાબાદનાં જીકાદ્રી નજીક કારનું ટાયર ફાટતાં પતિ અને પત્નીને ગંભીર ઈજા

**ધારીનાં ત્રંબકપુર ગામનાં યુવકે સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા મળતી ન હોય ગળાફાંસો ખાઈ લીધો**

અમરેલી, તા. ૧૭

જાફરાબાદ તાલુકાના જુની જીકાદ્રી ગામે રહેતાં મહીપતભાઈ વરૂ તથા તેમનાં પત્નિ ચેતનાબેન મહીપતભાઈ વરૂ ગત તા.૧૫ રોજ

અનુસંધાન પાના ૬ ઉપર


naari IVF
"નવી આશા, નવી યાત્રા"
અમે તકનીકી દ્રષ્ટિએ અદ્યતન IVF સારવાર અને સંપૂર્ણ મેડિકલ માર્ગદર્શન આપીને દંપતિઓને માતા-પિતા બનવાનો અવસર પ્રદાન કરીએ છીએ..
નારી હોસ્પિટલ
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
Mo.78620 37707

અમરેલી જિલ્લામાં સર્વાધિક લોકપ્રિય દૈનિક વર્તમાનપત્ર
અમરેલી એક્સપ્રેસ
૧૭માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભકામના
અમરેલી જિલ્લાના સર્વાંગી વિકાસ માટે ૧૬ વર્ષથી દિવસ-રાત ભારે જહેમત ઉઠાવતા "અમરેલી એક્સપ્રેસ" દૈનિકના
૧૭માં વર્ષના મંગલ પ્રારંભે
તંત્રી મનોજ રૂપારેલ અને તેમની ટીમને હાર્દિક અભિનંદન સહ "અમરેલી એક્સપ્રેસ" વર્તમાનપત્ર વધુમાં વધુ સફળતાના શિખરો સર કરે તેવી શુભકામનાઓ...
શુભચિંતક :
શ્રી મુળશંકરભાઈ આર. તૈરૈયા
માજી પ્રમુખ : જિલ્લા પંચાયત - અમરેલી
અગ્રણીશ્રી : બ્રહ્મસમાજ - અમરેલી
અગ્રણીશ્રી : અમરેલી જિલ્લા - કોંગ્રેસ

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,20,100/- (૧૦ ગ્રામ)
રહેલ તા. ૧૭/૧૨/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

ડોકટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ
ડો.વિરલ વસાણી – ન્યુરો એન્ડ સ્પાઈન સર્જન – મગજ,મણકા અને કરોડરજ્જુના નિષ્ણાંત – તા.૧૮/૧૨/૨૦૨૫ - ગુરૂવારે, સવારે ૧૦:૦૦ થી ૧૨:૦૦
ડો. કૈવંત પટેલ – ઈન્ટરવેન્શનલ પલ્મોનોલોજીસ્ટ – ફેફસાના રોગો અને એડવાન્સ બ્રોન્કોસ્કોપીના નિષ્ણાંત, PFT રીપોર્ટ સુવિધા ઉપલબ્ધ છે. – તા.૧૮/૧૨/૨૦૨૫ - ગુરૂવારે, સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦
ડો. જય વિઠલાણી – કાર્ડિયોલજીસ્ટ – હૃદયરોગ નિષ્ણાંત – તા.૧૮/૧૨/૨૦૨૫ - ગુરૂવારે, સવારે ૧૧:૩૦ થી ૦૧:૦૦
ડો.સાગર બરાસરા – એન્ડોકાઈનોલોજીસ્ટ – ડાયાબિટીસ,થાયરોઈડ અને હોર્મોન્સના નિષ્ણાંત – તા.૨૦/૧૨/૨૦૨૫ - શનિવારે, સવારે ૧૦:૦૦ થી ૦૧:૦૦
ડો.અંગદ શેઠ – બેરીયાટ્રીક – કન્સીલર, વજન ઉતારવાના નિષ્ણાંત – તા.૨૦/૧૨/૨૦૨૫ - શનિવારે, સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦
ડો.મૈત્રેય જોષી – યુરોલોજીસ્ટ એન્ડ એન્ડ્રોલોજીસ્ટ – કિડની, પથરી અને વંધ્યત્વના રોગોના નિષ્ણાંત – તા.૨૦/૧૨/૨૦૨૫ - શનિવારે, સાંજે ૦૫:૦૦ થી ૦૭:૦૦
( જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા )
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૬૪૩૪
ડોકટર હાઉસ અમરેલી – કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) | ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ઘોડાસરા (M.S.) | ડો. દ્રષ્ટિ પંડયા

स्वादीष्ट और पौष्टीक आहार के लिए
नारायण मुंगफली तेल
GROUNDNUT OIL
મગફળીનું 100 % શુધ્ધ સીંગતેલ
બારેમાસ ભરવા માટે શ્રેષ્ઠ
નારાયણ સોલવેક્ષ : ભાવનગર રોડ, એચ.પી.પેટ્રોલ પંપ સામે, અમરેલી. મો. 98244 29044

NETRA CHIKITSA TRUST
MULTISPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
(ગોળ હોસ્પિટલ)
સફાઈ કર્મચારી જોઈએ છે....
પુરુષ અને મહિલાઓ માટે કમાવાની તક અને આકર્ષક પગાર સાથે આજે જ મળો......
વધુ માહિતી માટે સંપર્ક કરો
૯૯૭૮૯૬૬૬૨૯
ગોળ હોસ્પિટલ, ચિત્તલ રોડ, અમરેલી

## આગામી ૨૦ અને ૨૧ ડિસેમ્બરનાં રોજ પી.પી. સવાણી પરિવાર દ્વારા

# પિતા વિહોણી ૧૩૩ "કોયલડી" દીકરીઓનું એક મંડપમાં થશે કન્યાદાન

**વલ્લભભાઈ સવાણી, મહેશભાઈ સવાણીનાં જીવનચરિત્ર અને દીકરીનાં લાગણીસભર પત્રોનું થશે વિમોચન**

**જીવનદીપ ઓર્ગન ડોનેશન સંસ્થાનને પોતાના સ્વજનના અંગદાનની મંજૂરી આપનાર પરિવારની દીકરી, બહેન અને પત્નીનાં હસ્તે દીપપ્રાગટય**

**જે દીકરીનાં ભાઈ નથી એમના જવતલ સવાણી પરિવારનાં દીકરા ભાઈ બની હોમશે**

**મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી સહિતનાં આગેવાનો પણ આશીર્વાદ પાઠવવા ઉપસ્થિત રહેશે**

સુરત, તા. ૧૭

પિતાનું છત્ર ગુમાવી ચૂકેલી દીકરીઓના સમૂહમાં પણ ધામધૂમથી છેલ્લા ૧૮ વર્ષથી લગ્ન સમારોહ યોજતાં સુરતનું સેવાભાવી પી.પી. સવાણી પરિવાર. આજ સુધી ૫૫૩૯ દીકરીઓને સાસરે વળાવી ચૂકેલા પી.પી. સવાણી પરિવારના શામિયાણાથી ૨૦ અને ૨૧ ડિસેમ્બર એમ બે દિવસમાં ૧૩૩ દીકરીઓને સાસરે વળાવાશે. રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી, પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશભાઈ વિકર્મા, કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલ, મનસુખભાઈ માંડવીયા, નીમુબહેન બાંભણીયા સહિત અનેક રાજકીય, સનદી, સામાજિક, ઉદ્યોગ જગતના મહાનુભાવો હજાર રહી પિતાની છત્રછાયા ગુમાવી ચૂકેલી આ દીકરીઓનું કન્યાદાન કરશે.




વિવાહ પાંચ ફેરાનાથી શરૂ કરીને આ વર્ષ "કોયલડી" નામે યોજાઈ રહેલા લગ્ન સમારોહ અનેક રીતે અનોખો હોય છે. પી.પી. સવાણી પરિવારના મહેશભાઈ સવાણી અત્યાર સુધીમાં પિતાની છત્રછાયા ગુમાવી ચુકેલી હજારો દીકરીઓના પાલક પિતા બની ચૂકયા છે. પી.પી. સવાણી પરિવાર દ્વારા આજ સુધી લગભગ ૫૫૩૯ દીકરીઓનું કરિયાવર સાથે કન્યાદાન કરવામાં આવ્યું છે. છેલ્લા ૧૮ વર્ષથી અવિરત પ્રજવલિત થયેલા આ સેવાયજ્ઞ થકી અનેકને પ્રેરણા મળી છે. પી.પી. સવાણી પરિવારના લગ્ન સમારોહ જોઈને બીજા અનેક લોકો, સંસ્થા રાજયમાં અને રાજય બહાર દીકરીઓના કન્યાદાનના સમારોહ યોજતી થઈ છે. 'કોયલડી' લગ્ન સમારોહની વિગત આપવા યોજાયેલી પત્રકાર પરિષદમાં પી.પી. સવાણી ગ્રુપના મહેશભાઈ સવાણીએ જણાવ્યું હતું કે આજ સુધી અમે જ્ઞાતિ, ધર્મ, સમાજના વાડા તોડીને એક જ છત નીચે ૫૫૩૯ દીકરીઓનું કન્યાદાન કર્યું છે. સ્વસ્થ સમાજ માટે આ એક શ્રેષ્ઠ ઉદાહરણ છે. આ વર્ષે પણ મુસ્લિમ, ખ્રિસ્તી, દિવ્યાંગ સહિત વિવિધ ૩૭ જ્ઞાતિની ૪ રાજય અને ૧૭ જિલ્લાની ૧૩૩ દીકરીને સાસરે વળાવીશું. મુસ્લિમ, ખ્રિસ્તી, હિન્દુ વિધિ મુજબ લગ્ન તો થાય જ છે સાથે દલિત, આદિવાસીની દીકરી હોય કે બ્રાહ્મણ–જૈન પરિવારની દીકરી હોય અમારા આંગણે બધા એક જ છે, સાચા ભારતનું પ્રતિબિંબ તમને જોવા મળશે.

મહેશભાઈ સવાણીએ વધુમાં જણાવ્યું હતું કે, અમે દીકરીને માત્ર કરિયાવર સાથે કન્યાદાન પૂરતું સીમિત નથી રાખતા. આટલી હજારો દીકરીઓની એક બાપ તરીકેની દરેક જવાબદારી નિભાવવાનો નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરતાં રહી છીએ. અમારા આ કાર્યમાં અનેક લોકોનો સહયોગ મળ્યો છે, અનેક દીકરી–માના આશીર્વાદ અમને આટલા વર્ષોમાં મળ્યા છે.

કોયલડી લગ્નસમારોહમાં મુસ્લિમ ધર્મની દીકરી નિકાહવિધિથી તેમજ ખ્રિસ્તી અને હિન્દુ ધર્મની તમામ જ્ઞાતિની દીકરીઓ પોત–પોતાના રીત–રસમો સાથે લગ્નજીવનના પવિત્ર બંધનથી જોડાશે. આ લગ્ન મહોત્સવમાં સવાણી પરિવારના લાડકવાયા દીકરા મિતુલ, મોહિત, સ્નેહ, કુંજ, મોનાર્ક જે દીકરીઓના ભાઈઓ નથી તેમને પોતાની સગી બહેનથી વિશેષ સમજી જવતલ હોમશે.

પી.પી. સવાણી પરિવાર સામાજિક, શૈક્ષણિક અને આરોગ્ય ક્ષેત્રે અનેકવિધ સામાજિક કાર્યો કરે છે એ સૌ જાણે છે. અમારી દીકરી–જમાઈનું "સેવા સંગઠન" પણ બન્યું છે. આ એટલા માટે છે કે અમારી દીકરીની માતાને જે બાળકોના ઉછેર માટે જે તકલીફ પડી છે એ અમારી દીકરીને ન પડે એ માટે આ "સેવા સંગઠન" બનાવ્યું છે. ઈર નહી કરે ને કોઈ દીકરી વિધવા થાય તો આ સંગઠન એને આર્થિક સહાય કરે છે. સાથે જ એના બાળકના શિક્ષણ અને આરોગ્યની તમામ જવાબદારી પણ નિભાવે છે. આવી દીકરીના બાળક ગ્રેજયુએટ થાય ત્યાં સુધીની જવાબદારી સેવા સંગઠન ઉપાડશે. દીકરીને કોઈપણ પ્રકારની આર્થિક જરૂરિયાત માટે પણ સેવા–સંગઠન પ્રતિબધ્ધ છે.

પી. પી. સવાણી ટ્રસ્ટ સંચાલિત સેવા સંગઠન આજે ૧૧,૦૦૦ દીકરી–જમાઈઓનો વિશાળ પરિવાર બની ગયો છે. હવે સેવા સંગઠનની મોબાઈલ એપ્લિકેશનમાં ડોકટર ટીમ, વકીલ ટીમ, શિક્ષક ટીમ, માર્ગદર્શન ટીમ જેવી વિવિધ સેવા આપતી ટીમોની સંપૂર્ણ માહિતી મળશે. કોઈપણ જરૂરી મદદ માટે સીધો સંપર્ક આ એપ્લિકેશન દ્વારા નજીકમાં રહેતા દીકરી–જમાઈની માહિતી પણ તરત મળી રહેશે. આ એપ્લિકેશનમાં તમે સભ્ય પોતાના બિઝનેસની માહિતી પણ મૂકી શકે છે જેથી બિઝનેસનો વિકાસ થશે. સેવા સંગઠનના સભ્યો તમામ કાર્યક્રમોની અપડેટસ, એપ્લિકેશન મારફત નિયમિત રીતે મળી રહેશે. સેવા સંગઠનના ડીઝીટલ પ્લેટફોર્મ ઉપર સરળતાથી તમામ માહિતી અને લાભ મેળવી શકે એવા શુભ આશયથી સેવા સંગઠન એપ્લીકેશનનું લોન્ચિંગ ગુજરાત રાજયના મુખ્યમંત્રીના વરદ હસ્તે થનાર છે.

કોયલડી લગ્ન સમારોહની શરૂઆત રવિવાર ૧૩ ડિસેમ્બરના દિવસે યોજાયેલા રાસ–ગરબાથી થઈ ચૂકી છે. આ વર્ષે ગુજરાતની છ લોકપ્રિય ગાયિકાઓ અલ્પા પટેલ, પ્રિતી પાઠક, નેહા કુંભાણી, સંગીતા પટેલ, અપેક્ષા પંડયા અને સોનલ બારોટ કોયલડીના ટાઈટલ ટ્રેક ગીત બનાવ્યા છે. ઉર્વશી રાદડિયા અને વિવેક સાંસલાએ વર–કન્યા પરિવારને ગરબે ઘુમાવ્યા હતા. સંગીત સમારોહના મુખ્ય મહેમાન તરીકે સુરત, પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોત, સુરત રેન્જ આઈજી પ્રેમવિર સિંહ, સુરત, એસપી રાજેશભાઈ ગઢિયા ઉપસ્થિત રહ્યા હતા.

તારીખ ૧૮મી ડિસેમ્બરના રોજ ૯ મહિલા આઈપીએસ, બે મહિલા આઈએએસ, ૪ આઈપીએસ અને આઈએએસની અને ત્રણ સમાજ અગ્રણીની પત્નીની હાજરીમાં મહેંદી રસમ યોજાશે. મનીષ વઘાસિયા, અંકિતા મૂલાણી, ડો. જય વશી જેવા મોટીવેશનલ વકતા વર અને કન્યા બંને પરિવાર સાથે સંવાદ પણ સાધશે. આ પ્રસંગે મ્યુનિસિપલ કમિશનર શ્રીમતી શાલિનીબેન અગ્રવાલ, ડીડીઓ શ્રીમતી શિવાનીબેન ગોયલ, મહિલા આઈપીએસ અધિકારી સુશ્રી શૈફાલીબેન બરવાલ, સુશ્રી ડો. નિધિબેન ઠાકુર, સુશ્રી બિશાખાબેન જૈન, સુશ્રી અનુપમબેન, સુશ્રી પન્નાબેન મોમૈયાની સાથે જીપીએસ કેડરના સુશ્રી કાનનબેન દેસાઈ, સુશ્રી જુલીબેન કોઠિયા, સુશ્રી ભકિતબેન ડાભીની સાથે જ મહિલા અગ્રણીઓ શ્રીમતી સંધ્યાસિંઘ ગેહલોત, શ્રીમતી રાગીનીબેન પારધી, શ્રીમતી ચિત્રા પ્રેમવીર સિંહ, શ્રીમતી હર્ષાબેન ગઢિયા, શ્રીમતી જીયાબેન શૈલેશભાઈ પરમાર, શ્રીમતી તૃપ્તિબેન દેસાઈ, શ્રીમતી પલ્લવીબેન ઘેલાણી, શ્રીમતી હર્ષાબેન પટેલ હાજર રહી દીકરીની મહેંદી રસમમાં સહભાગી થયા હતા અને માતૃત્વની હૂંફ પૂરી પાડી હતી.

**ત્રણ પુસ્તકનું પદ્મશ્રીઓના હસ્તે વિમોચન**

શિક્ષણ, આરોગ્ય અને સામાજિક ક્ષેત્રે એક નવી ક્રાંતિ સર્જનાર સેવાના ભેખધારી પી.પી. સવાણી ગ્રુપના મોભી વલ્લભભાઈ પી. સવાણીનાં જીવન કવન પર લેખક શૈલેષભાઈ સગપરિયા દ્વારા લખાયેલ પુસ્તક "આરોહણ" અને પિતા વિહોણી હજારો દીકરીઓના પાલક પિતા મહેશભાઈ વી. સવાણીના જીવન ઉપર લેખક ડો. જીતેન્દ્રભાઈ અઢિયા દ્વારા લખાયેલ પુસ્તક "પ્રેરણામૂર્તિ" તેમજ આ લગ્નોત્સવમાં જોડાયેલ દીકરીઓના જીવનની સંવેદનનાનું પુસ્તક "કોયલડી"ના સંયુકત વિમોચન પદ્મશ્રી કનુભાઈ ટેલર, મથુરભાઈ સવાણી, ભીખુદાન ગઢવી, ડો. વિષ્ણુભાઈ પંડયા, અબ્દુલ ગફુર ખત્રી, શાહબુદ્દીનભાઈ રાઠોડ, યઝદીભાઈ કરંજિયા, શ્રીમતી રમીલાબેન ગામીત, સવજીભાઈ ધોળકીયા, પરેશભાઈ રાઠવા, ડો. જગદિશભાઈ ત્રિવેદી, ડો. યઝદી ઈટલીયાના હસ્તે થશે.

**દીકરીઓને હનીમૂન અને માતા–સાસુને ધાર્મિક યાત્રા**

પી.પી.સવાણી પરિવારના આંગણે લગ્ન કરનારી દરેક દીકરીને દરવર્ષે લગ્ન પછી કુલુ–મનાલી હનીમૂન માટે મોકલે છે. આ કાર્યમાં ફારૂકભાઈ પટેલનું કે.પી. ગ્રુપ પણ સહયોગી બન્યું છે. દરેક દીકરી–જમાઈ સાથે સમૂહમાં હનીમૂન ઉપર જાય છે એની પાછળ ચોક્કસ વિચાર રહેલો છે. વિભિન્ન ધર્મ અને જ્ઞાતિના દીકરી–જમાઈ એક સાથે પ્રવાસ કરે, ૧૦–૧૫ દિવસ સાથે ગાળે તો એમને એકબીજાને સમજવાની તક મળે, મિત્રતા અને પરિવારની ભાવના કેળવાઈ. વિભિન્ન ધર્મ અને જ્ઞાતિ અંગે વિગત મળે અને એના પ્રત્યે સન્માન થાય એ શુભ ભાવનાથી લગ્ન કરનાર નવદંપતીને હનીમૂન ઉપર સાથે જ મોકલવામાં આવે છે.

એ જ ક્રમમાં લગ્નથી જોડાયેલા બંને પરિવારની માતા પણ એકબીજાને સમજે, એકબીજાનો આદર કરે, કુટુંબ ભાવના જાગે એ માટે લગ્ન પછી દીકરા–જમાઈની માતા એટલે કે બંને વેવાણને સાથે આ વર્ષે અયોધ્યા, વારાણસી, પ્રયાગરાજ અને સ્વામિનારાયણના છપૈયાની ધાર્મિક યાત્રાએ જશે, તેમજ મુસ્લિમ દીકરી જમાઈ ૧૫ દિવસની ઉમરાહ (મકા–મદીના) હજ માટે પી.પી. સવાણી અને કે.પી. ગ્રુપ સંયુકત રીતે આ સમગ્ર પ્રવાસનું આયોજન કરશે અને ખર્ચ પણ ઉપાડશે.

**લગ્ન પહેલા થેલેસિમિયા ટેસ્ટ ફરજિયાત**

દંપતીની કુંડળી કરતાં પણ જરૂરી છે કે એમના લોહી મળે. થેલેસેમિયા અને સિકલ સેલ ધરાવતા દંપતીના લગ્ન થાય તો એમના સંતાનને પણ આ રોગ વારસામાં મળવાની શકયતા રહે છે. આ જોખમ આવનાર સંતાન ઉપર ન રહે અને દંપતીનું જીવન સ્વસ્થ રહે એ માટે લગ્ન કરનાર દરેક દંપતીના થેલેસિમિયા માટે લોહીની તપાસ કરવામાં આવી છે. આ તપાસ પછી જ કરિયાવર આપીને લગ્નની શરૂઆત થઈ હતી.

**ઘર નજીક લગ્નની અનુકૂળતા**

ભાવનગર અને અમરેલી જિલ્લાની ૨૨ દીકરીઓના લગ્ન અમરેલી જિલ્લાના મેકડા ગામે યોજાયેલા એક સમૂહલગ્નમાં કરવામાં આવ્યા છે. આ એવી દીકરીઓ હતી જેમને અમરેલી–ભાવનગરથી સુરત સુધી આવવું પણ તકલીફ હતી. એવી જ એક દીકરીનું કન્યાદાન ગારીયાધાર ખાતે પણ કરવામાં આવ્યા હતા. બંને જગ્યાએ કન્યાદાન માટે ખુદ મહેશભાઈ સવાણી હાજર રહ્યા હતા.

---

### બે વ્યકિતઓ વિરૂઘ્ધ ફરિયાદ નોંધાઈ

## ધારીનાં દલખાણીયા ગામનાં વૃઘ્ધ ખેડૂતને ધમકાવીને ૫ લાખ બળજબરીથી કઢાવી લીધા

**પોલીસે આરોપીને ગણતરીની મિનિટોમાં ઝડપી લીધા**

અમરેલી, તા. ૧૭

ધારી તાલુકાના દલખાણીયા ગામે રહેતાં અને ખેતી કામ કરતાં જયસુખભાઈ કાળુભાઈ સુખડીયા નામનાં ૬૦ વર્ષીય વૃઘ્ધ ખેડૂતે પોતાની દલખાણીયા ગામે આવેલ આશરે બાર વીઘાની જમીનનુ વેચાંણ કરેલ હોય, જેમાં દલાલ તરીકે ધારી તાલુકાના પાણીયા ગામે રહેતાં જેનાભાઈ વાળા તથા ધારી તાલુકાના દલખાણીયા ગામે રહેતાં રાજુભાઈ ધીરૂભાઈ સુખડીયા હોય. આ બન્ને આરોપીઓએ વૃઘ્ધ પાસે જમીનનાં રૂપિયા ૫૦,૨૦,૦૦૦ વેચાણની રોકડ રકમ તથા રૂપિયા ૧૦,૦૦,૦૦૦ ચેક આવેલ હોવાની જાણ થતા ગત તા.૧૪ ના રાત્રીનાં થી તા.૧૫ ના આશરે કલાક



૪ વાગ્યા દરમિયાન આરોપીઓએ વૃઘ્ધની વાડીએ આવી વૃઘ્ધને ગાળો આપી તથા જાનથી મારી નાખવાની ધમકી આપી આરોપીઓએ વૃઘ્ધ સામે ધોકો ઉગામી આજે તો જાનથી મારી નાખવો છે. તેમ વૃઘ્ધને કહી રૂપિયા ૧૦ લાખનો ચેક પોતાને આપી દેવા ધમકાવેલ હતાં. જેથી આ વૃઘ્ધને બીક લાગતા વૃઘ્ધ પાસેથી રૂપિયા ૧૦ લાખનો ચેક દલખાણીયા ગામે આવેલ મધ્યસ્થ સહકારી બેંકમાંથી વટાવડાવી રૂપિયા ૫ લાખ બળજબરી પુર્વક કઢાવી લઈ ગયાની વૃઘ્ધે પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી નાસી જાય તે પહેલાં જ દબોચી લઈ આગળની તપાસ હાથ ધરી છે.

---

### ટેકનિકલ સોર્સનાં આધારે શોધી કાઢયો

## અમરેલી પોલીસે ગુમ થયેલ મોબાઈલ શોધીને માલિકને પરત કર્યો

**મોબાઈલ માલિકે પોલીસનો આભાર માન્યો**




અમરેલી, તા. ૧૭

અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ અરજદારનો ગુમ થયેલ મોબાઈલ ફોન કુલ કિમત રૂ. ૧,૧૨,૫૦૦/–નો સફળતાપૂર્વક શોધી કાઢી અરજદારને પરત અપાવવાની સરાહનીય કામગીરી અમરેલી સીટી પોલીસ દ્વારા કરવામાં આવી છે. આ સમગ્ર કાર્યવાહી હ્યુમન સોર્સ અને ટેકનિકલ માહિતીના આધારે હાથ ધરવામાં આવી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ, અરજદારએ પોતાનો કિંમતી મોબાઈલ ફોન ગુમ થતા અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં અરજી નોંધાવી હતી. અરજી મળતાં જ પોલીસ દ્વારા તાત્કાલિક તપાસ શરૂ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન હ્યુમન સોર્સથી મળેલી માહિતી તથા જરૂરી ટેકનિકલ વિગતોના આધારે મોબાઈલની શોધખોળ કરવામાં આવી, જેના પરિણામે ગુમ થયેલ મોબાઈલ સફળતાપૂર્વક મળી આવ્યો.

મોબાઈલ મળ્યા બાદ તમામ કાયદેસર પ્રક્રિયા પૂર્ણ કરી અરજદારને તેમનો મોબાઈલ ફોન પરત સોંપવામાં આવ્યો હતો. પોતાની સંપત્તિ પરત મળતાં અરજદારએ અમરેલી સીટી પોલીસનો આભાર વ્યકત કર્યો હતો.

''અમરેલી એકસપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એકસપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

---

### અમરેલી જિલ્લાનાં માર્ગો ઉપર સતત અકસ્માતની ઘટના

## લાઠીનાં ટોડા ગામ નજીક બોલેરો અને ખાનગી બસ અથડાયા : એક મુસાફરને ગંભીર ઈજા

**ફાયર, ૧૦૮ અને પોલીસ ટીમ ઘટના સ્થળે પહોંચી**

અમરેલી, તા. ૧૭

અમરેલી જિલ્લામાં આજે અકસ્માત દિવસ હોય તેમ વહેલી સવારે બગસરા તાલુકાના હડાળા ગામે કાર અકસ્માતમાં ત્રણ મોત થયાની ઘટનાની ગણતરીની કલાકો બાદ લાઠી તાલુકાના ટોડા ગામ પાસે બોલેરો પિકઅપ વ્હીકલ અને એક ખાનગી લકઝરી બસ વચ્ચે અકસ્માત સર્જાતાં એકને ગંભીર ઈજાઓ થવા પામેલ છે. આ અકસ્માતનાં કારણે અમરેલી લાઠી રોડ વચ્ચે ટ્રાફિક જામ થતાં પોલીસે ઘટનાં સ્થળે દોદિક જીવ ટ્રાફિક કિલયર કર્યો હતો. જયારે આ બનાવમાં અમરેલી ફાયર એન્ડ ઈમર્જન્સી સર્વિસની ટીમ ઈમર્જન્સી ફાયર ટેન્ડર સાથે તુરંત ઘટના સ્થળ પર પહોંચી આધુનિક સાધનોની મદદથી એક વ્યક્તિઓનું રેસ્કયુ કરી તેમને જીવીત બહાર કાઢી અને ૧૦૮ની ટીમને સારવાર અર્થે સોંપેલ હતો.

આ બનાવમાં જાણવાં મળતી વિગત મુજબ લાઠી તાલુકાના ટોડા ગામ પાસે આજે વહેલી સવારે બોલેરો પિકઅપ વ્હીકલ નં. જીજે–૧૪–એશ–૭૧૯૦ અને એક





ખાનગી લકઝરી બસ વચ્ચે અકસ્માત સર્જાતાં મનોજ ચાવડા નામનાં વ્યક્તિને ગંભીર ઈજાઓ થવા પામેલ છે. આ અકસ્માતનાં કારણે અમરેલી લાઠી રોડ વચ્ચે ટ્રાફિક જામ થતાં પોલીસે ઘટનાં સ્થળે દોદિક જીવ ટ્રાફિક કિલયર કર્યો હતો. જયારે આ બનાવમાં અમરેલી ફાયર એન્ડ ઈમર્જન્સી સર્વિસની ટીમને જાણ કરવામાં આવતાં ફાયર ઓફિસર એચ.પી સરતેજાની આગેવાની હેઠળ અમરેલી ફાયર એન્ડ ઈમર્જન્સી સર્વિસના આનંદભાઈ જાની, સવજીભાઈ ડાભી,જગદીશભાઈ ભુરીયા, જયદીપભાઈ ઈસોટીયા સહિતની ટીમ ઈમર્જન્સી ફાયર ટેન્ડર સાથે તુરંત ઘટના સ્થળ પર પહોંચી આધુનિક સાધનોની મદદથી ફસાયેલ વ્યક્તિનું રેસ્કયુ કરી તેમને જીવીત બહાર કાઢી અને ૧૦૮ની ટીમને સારવાર અર્થે સોંપેલ હતો.

---

### પીઆઈ આઈ.જે. ગીડાનાં માર્ગદર્શનતળે કામગીરી

## બગસરા : સાયબર ફ્રોડના નાણા બેન્ક ખાતામાં જમા કરાવનાર આરોપી ઝડપાયા

**આરોપીઓને સાવરકુંડલા ખાતેથી ઝડપી લેવાયા**

અમરેલી, તા. ૧૭

અમરેલી જિલ્લામાં રોજબરોજ સાયબર ફ્રોડના નાણાં બેન્કોમાં આવેલ ખાતામાં ઠાલવતાં હોય અને તે અંગે અમરેલી જિલ્લામાં સતત પોલીસ ફરિયાદ નોંધાતી હોય જે અન્વયે અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતએ અમરેલી જીલ્લામાં બનવા પામેલ મ્યુલ એકાઉન્ટ સંબંધી ગુન્હાઓના આરોપીઓને શોધી કાઢી, તેમના વિરૂઘ્ધ કાયદેસર કાર્યવાહી કરવા સુચના આપેલ હતી.

આ બનાવમાં સાવરકુંડલા ગામે પ્રેસ પાછળ આવેલ મણીનગર વિસ્તારમાં રહેતાં આરોપી સરફરાજ સાજીદભાઈ મલાદા, સાવરકુંડલા ગામે નુરાનીનગર વિસ્તારમાં રહેતાં આરોપી સલીમ યુનુસભાઈ શેખ તથા તેમનો ભાઈ સાજીદભાઈ યુનુસભાઈ શેખ નામનાં આરોપીઓએ બેંક એકાઉન્ટમાં



સાયબર ફ્રોડના કુલ રૂપિયા ૨૮,૧૬,૬૨૬ નાણાં પોતાના આર્થિક ફાયદા સારૂ સગેવગે કરવા બેન્ક ખાતામાં જમા કરી અને કરાવડાવી આ રૂપીયા સાયબર ફ્રોડના હોવાનું જાણવા છતા પોતાના અંગત આર્થિક ફાયદા સારૂ સાયબર ફ્રોડની તમામ રકમ બેંકમાંથી એ.ટી.એમ. મારફત ઉપાડી તથા અન્ય કોઈપણ રીતે ટ્રાન્સફર કરી અને કરાવી લઈ સગેવગે કરેલ હતી.

જે બનાવ અંગે સાયબર ફ્રોડના રૂપીયામાં સાયબર ફ્રોડ હેલ્પલાઈન ૧૯૩૦ મા કુલ ૪ ફરીયાદ થયેલ છે. જે અન્વયે બગસરા પોલીસ ઈન્સ્પેકટર આઈ.જે. ગીડા દ્વારા આ ગુન્હાને ગંભીરતાથી લઈ અને બગસરા પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમને આરોપી શોધી કાઢવા સુચના આપેલ અને સર્વેલન્સ ટીમ દ્વારા ટેકનીકલ તથા હયુમન સોર્સીસ આધારે સદરહુ ગુન્હામાં સંડોવાયેલા આરોપીઓને સાવરકુંડલા ગામેથી પકડી પાડી અને કાયદેસરની કાર્યવાહી કરેલ અને ઉપરોકત ગુન્હામાં દાખલ થયેલ સાયબર ફ્રોડ હેલ્પલાઈન ૧૯૩૦ની કુલ ૪ ફરીયાદ ડીટેકટ કરેલ છે.

---

### દેશનાં ગૌરવસમા સિંહોની અનેરી અદા

## ધારીનાં હુડલી ગામે આંબાનાં બગીચામાં સિંહનો આરામ કરતો વિડીયો વાયરલ

**સિંહ પ્રેમીઓ વિડીયો નિહાળી ખુશ થયા**

અમરેલી, તા. ૧૭

દેશનાં ગૌરવસમા સિંહોની સૌથી વધુ સંખ્યા અમરેલી જિલ્લામાં ૩૩૯ નોંધાયેલી છે. જિલ્લો ભલે આર્થિક અને ઔદ્યોગિક રીતે પછાત હોય પણ સિંહોની સંખ્યા મામલે સમગ્ર દેશમાં અવ્વલ સ્થાને છે.

ધારીનાં હુડલી ગામે આવેલ આંબાનાં બગીચામાં જંગલનો રાજા



આરામ કરતો હોય તેવો વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ થયો છે.

## છેલ્લા ૮ મહિનાથી સતત રજૂઆત છતાં તંત્રના પેટનું પાણી હલતુ નથી

# બાબરા : ધરાઈથી મોણપુર વચ્ચેનો માર્ગ તોબા...તોબા

**છેલ્લા ૩ વર્ષથી માર્ગ બિસ્માર છતાં માર્ગ-મકાન વિભાગને મરામત કરવાનું સુઝતુ નથી**

**આઝાદીનાં ૭૮ વર્ષ બાદ પણ દેશવાસીઓ ઉબડ ખાબડ માર્ગ પર ચાલવા મજબુર**

**બિસ્માર માર્ગનાં લીધે વાહનચાલકોને અન્ય માર્ગો પર ફરીને પસાર થવું પડે છે**

**વિકાસની ગુલબાંગો ફેંકવાની સાથે થોડો વિકાસ કરવામાં આવે તેવી માંગ ઉભી થઈ**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૧૭

બાબરા તાલુકાના ધરાઈ ગામથી મોણપુર તરફ જતો રોડ છેલ્લા ત્રણ વર્ષથી અતિગંભીર થઈ જતા ધરાઈ તથા આસપાસના ગામના વાહચાલકો હેરાન પરેશાન થઈ ગયા છે.

બાબરા તાલુકાના ધરાઈ ગામે આશરે ૩૫૦ વર્ષથી બિરાજમાન શ્રી બાલમુકુન્દ પ્રભુની હવેલી તેમજ ધરાઈ તથા આસપાસના ગામમાં અમરેલીથી પહોંચવું એટલે વાહનચાલકોને ૧૦૦ વાર વિચાર કરવો પડે કે મોણપુરથી ધરાઈ જવુ કે વાવડીથી ધરાઈ પહોંચવું ? કારણ કે મોણપુર ગામથી ધરાઈ ગામનો રોડ એટલો ભંગાર થઈ ગયો છે કે એની કોઈ સીમા જ નથી. સમગ્ર ભારતમાં પૃષ્ટિ વૈષ્ણવ સંપ્રદાયના મુર્ધન્ય સ્થાનમાં રાજસ્થાનમાં નાથદ્વારા (શ્રીનાથજી) છે. તેની સમક્ષ બાબરા તાલુકાના ધરાઈ ગામ ખાતે શ્રી બાલમુકુન્દ પ્રભુની હવેલીને માનવામાં આવેલ છે. અહીં સમગ્ર ગુજરાત સહિત ભારત, વિના દેશોમાંથી લાખો શ્રદ્ધાળુંઓ દર્શન કરવા આવે છે. અમરેલીથી ધરાઈ તથા આજુબાજુના ગામ જવા માટે તમામ વાહચાલકો ધરાઈથી મોણપુર સુધીના રોડથી ત્રાંસી ગયા છે અને વાહચાલકો ફરી ફરીને પોતપોતાના ગામ સુધી પહોંચે છે.

ધરાઈ ગામના જાગૃત નાગરિકો દ્વારા અમરેલી જિલ્લાના માર્ગ અને મકાન (પંચાયત) વિભાના મુખ્ય અધિકારીઓને અનેકવાર રજુઆતો કરવામાં આવી છતાં પણ આ રોડ નવો બનાવવા માટે કામ ચાલુ નથી કર્યું. હમણાં થોડા દિવસો પહેલા ધરાઈથી મોણપુર સુધીના ૪ કિ.મી.ના રોડનું પેચવર્ક કામ ચાલુ કર્યું તૂ તે પણ એક જ દિવસ ? ખાસ બાબરાના ધરાઈથી આજુબાજુના ૧૦ જેટલાં ગામના લોકોને અમરેલી જિલ્લા મથક હોવાથી ઓફિસ્યલી કામ તથા ખરીદી કરવા રોજ ધરાઈથી મોણપુરથી અમરેલી નજીક પડતું હોવાથી આ રોડ એટલો ભંગાર છે કે તમામ વાહનચાલકો બાબરા તથા વાવડી ફરીને ખોટો સમય વેડફી રહ્યા છે. આ રોડ નવો બનાવવા માટે ધરાઈ તેમજ આસપાસ અન્ય ગ્રામજનોએ જિલ્લાના તંત્રને અનેકવાર રજુઆત કરવા છતાં પણ આ રોડ નવો તો નથી બનતો પણ સમારકામ પણ નથી થતું. વહેલી તકે જિલ્લાના માર્ગ અને મકાન (પંચાયત) વિભાગના અધિકારીઓ ઘોર નિંદ્રામાંથી જાગે અને આ રોડ નવો બનાવી આપે અને આ રોડથી પડતી સમસ્યામાંથી મુકત કરી આપે તેવી ધરાઈ તેમજ આજુબાજુના ગામ જનોની માંગણી અને લાગણી છે.

### આગામી ૨૧ ડિસેમ્બરનાં રોજ

## અમરેલીનાં સમર્પણ ધ્યાન કેન્દ્ર દ્વારા વિશ્વ ધ્યાન દિવસની ઉજવણી

### નોંધણી કરાવી લેવા અનુરોધ

અમરેલી, તા. ૧૭

આગામી તા. ૨૧/૧૨/૨૦૨૫ ધ્યાન દિવસના રોજ દિલીપ સંઘાણી સાંસ્કૃતિક હોલ અમરેલી ખાતે સાંજના ૩ : ૪૫ થી ૬ : ૦૦ વાગ્યા સુધી વિશ્વ ધ્યાન દિવસની ઉજવણી સમર્પણ ધ્યાન કેન્દ્ર અમરેલી દ્વારા કરવામાં આવનાર છે.

આ ધ્યાન દિવસ ઉજવણીમાં મહાત્મા મંદિર-ગાંધીનગરનું જીવંત પ્રસારણનો પણ લાભ મળશે. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે કોઈ રજીસ્ટ્રેશન ફી રાખવામાં આવેલ નથી. તદન વિનામૂલ્યે છે. તો સર્વે ભાઈ-બહેનોને આ કાર્યક્રમમાં પધારવા જાહેર નિમંત્રણ છે.

આજના સમયનો માનવ માનસિક શાંતિ ઝંખી રહ્યો છે અને સતત દોડધામવાળી જીંદગીમાં અસંતુલિત સ્થિતિની અનુભુતિ કરે છે ત્યારે હિમાલિયન સમર્પણ ધ્યાન કેન્દ્ર આ ધ્યાન દિવસ ઉજવણી દ્વારા શારીરિક, માનસિક, ભૌતિક, સામાજિક, પારિવારિક સ્તર પર આધ્યાત્મિક અવિશ્વસનિય સંસ્કારોનું સિંચન કરે છે.

તો અમરેલીની જાહેર જનતાને આ ધ્યાન દિવસ કાર્યક્રમમાં સમયસર પધારવા સમર્પણ ધ્યાન કેન્દ્ર-અમરેલીના આચાર્યા ડો. હીનાબેન ચાવડાની એક યાદીમાં જણાવાયું છે.


ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, ફિરદૌસ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠ્ઠા
Mo. 93770 03636

શુદ્ધ ઘી નાં અડદીયા
મગડી ગુંદીનાં લાડુ
ગુલાબ જાંબુ
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મનીષભાઈ : મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨

શું તમને સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
સરકારી નોકરીયાત / પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં ૧૦૦% સહાય
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ કિલનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

WALK IN INTERVIEW
જનરલ ઓફીસ એડમીનીસ્ટ્રેશન માટે સ્ટાફ જોઇએ છે
GENERAL WEB MANAGEMENT
MULTIMEDIA
(WHATS APP BUSINESS, TWEETER, INSTA, TELEGRAM, FACEBOOK, YOU-TUBE)
GEM PORTAL CORRESPONDENCE
E-MAIL CORRESPONDENCE
GENERAL ACCOUNTING (TALLY – MIRACLE)
IT RETURNS (I-TEX)
PAN CARD APPLICATION
E-STAMP PORTAL
CSC PORTAL
IRCTC RAILWAY TICKET PORTAL
MUTUAL FUND MANAGEMENT
INSURANCE PORTAL
B.Com., Microsoft Office, Tally, English Language, EPFO No., UAN No.
SALARY : Rs. 40 / Hour (Starting) + EPF
TIME : MONDAY to SATURDAY 8:45 AM to 1:45 PM - 2:45 PM to 7:45 PM
MAHAJAN TELNET LLP.
E-mail : info@mahajantelnet.com
Web : www.mahajantelnet.com
95 86 86 86 45

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo. 94268 31241

The Victorious Journey Begins...
MARUTI SUZUKI VICTORIS
PRICE STARTS AT 10.49* LAKHS
BOOK YOUR VICTORIS TODAY!
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
Alpha Autolink
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

YAMAHA Revs Your Heart
BOOK NOW TO AVOID FESTIVE RUSH
PRICED NOW AT ₹1,45,190 ₹1,33,132
THANK YOU, GST!
GST BENEFIT ₹12,058* + INSURANCE BENEFIT UP TO ₹6,501*
FZ-S Fi HYBRID
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

શું તમે હરસ, મસા, ભગંદર અને ફિશર જેવી મળમાર્ગની બિમારીથી પીડાવ છો..?
શરમ સંકોચ છોડો, સહન ન કરો, સારવાર કરાવો
આ ગંભીર બિમારીઓમાંથી છુટકારો મેળવવા આજે જ સંપર્ક કરો
ડો. કાજલ બગડા
BAMS, MS.(Ayu.)
કન્સલ્ટન્ટ પ્રોક્ટોલોજીસ્ટ એન્ડ જનરલ સર્જન
હરસ, મસા, ફિશર અને જટિલ ભગંદરની સારવાર
જટીલ ભગંદરની અત્યંત પ્રચલિત ક્ષારસૂત્રથી સારવાર
રીંગ Rubber Band Ligation થી મસા ના ઓપરેશન
ઈન્જેકશનથી Sclero therapy મસાની સારવાર
નાસુર Pilo nidal sinus ની સારવાર
ચામડીના મસા, ચરબીની ગાંઠ, ગુમડુ, કપાસી
પાચનતંત્રના જુના હઠીલા રોગોની સારવાર
મૂત્રમાર્ગ તથા પિતાશયની પથરીની આયુર્વેદીક સારવાર
7 વર્ષનો અનુભવ 20000+ દર્દીઓની તપાસ 3500+ ઓપરેશન
અમરેલીના સૌ પ્રથમ મહિલા પ્રોક્ટોલોજીસ્ટ
Shreeji HOSPITAL
સ્થળ : ડો. રાણવાસર હોસ્પિટલ, ભીડભંજન મંદિરની પાસે, લીલીયા રોડ, અમરેલી
Shreeji Hospital Amreli +91 95744 13737 Shreejihospitalamreli@gmail.com

Hero
DECEMBER DHAMAKA EXCHANGE OFFER
Premium Xtreme 160 ₹5000*
₹2500* Exchange Offer
*T & C Apply
Navnit Hero
ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
Mo. +91 92899 22254

# બાબરાની વિવેકાનંદ વિદ્યાલયમાં ત્રિદિવસીય શિયાળુ રમતોત્સવનું સમાપન



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરામાં વિવેકાનંદ વિદ્યાલયમાં શિયાળુ રમતોત્સવનું ત્રણ દિવસ ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેનું સમાપન બાદ તમામ વિદ્યાર્થીઓને શાળા પરિવારને મેડલ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. અહીં શાળાના વિશાલ મેદાનમાં આયોજિત શિયાળુ રમતોત્સવમાં ધોરણ ૧ થી ૧૨ ના વિધાર્થીઓએ દોરીમાં ગાંઠ કેલેન્ડર પર સિકકા મારવા વિવિધ પ્રકાની દોડ,લિબુ ચમસી ગોળાફેક, રસાખેંચ, કબડી,ખો ખો સંગીત ખુરશી સહિત ૨૫ પ્રકારની વિવિધ રમતો યોજાય હતી. જેમાં ઉત્સાહ પૂર્વક જોડાયા હતા. શાળાના મેનેજિંગ ટ્રસ્ટી ભાર્ગવભાઈ ભડાણીયા,આચાર્ય પ્રકાશભાઈ ચૈતન્યસ્વામી,અને કેમ્પસ ડાયરેકટર સમીરભાઈ દવે દ્વારા તમામ ધોરણના વિદ્યાર્થીઓને ૧ થી ૩ નંબર આપી મેડલ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. વિવેકાનંદ વિદ્યાલયના મેનેજિંગ ટ્રસ્ટી ભાર્ગવભાઈ ભડાણીયાએ જણાવ્યું હતું કે શિક્ષણની સાથે વિધાર્થીઓ ઈતર પ્રવૃતિઓમાં રૂચી કેળવાય તેમજ એથેલેટિક સહિતની રમતોમાં વિદ્યાર્થીઓ આગળ તેવા હેતુ સાથે શાળામાં ત્રણ દિવસ શિયાળુ રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

### ધારાસભ્ય સહિતનાં આગેવાનોની જહેમતથી

## રાજુલા નાગરિક સહકારી બેન્કમાં ભાજપનાં ઉમેદવારો બિનહરીફ વિજેતા

### રવુભાઈ ખુમાણ સહિતનાં આગેવાનો બન્યા ડીરેક્ટર





અમરેલી, તા. ૧૭

રાજુલા નાગરિક સહકારી બેંકની આજે ફોર્મ ઉમેદવારી પત્રક ફરજ ખેંચવાની છેલ્લી તારીખ હતી ત્યારે કુલ ૨૫ ઉમેદવારો મેદાનમાં હતા. જેમાં ૧૫ ડિરેક્ટરોને માટે ભારતીય જનતા પાર્ટી દ્વારા મેન્ડેડ રજૂ કરવામાં આવ્યા હતા. આજરોજ ઉમેદવારી પત્રક પરત ખેંચવામાં આવતા રાજુલા નાગરિક સહકારી બેંક બિન હરીફ થવા પામી હતી.

જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, માર્કેટિંગ યાર્ડના ચેરમેન જીગ્નેશભાઈ પટેલ, રવુભાઈ ખુમાણ, નગરપાલિકાના પ્રમુખ પ્રતિનિધિ મયુરભાઈ દવે, સંજયભાઈ ધાખડા, વનરાજભાઈ વરૂ સહિતના આગેવાનોની જહેમત રંગ લાવી.

આ બિન હરીફ થયેલા ડિરેક્ટરોમાં સંજયભાઈ ધાકડા, રવુભાઈ ખુમાણ, કશ્યપભાઈ પારેખ, શિલ્પાબેન મહેતા, મંગળાબેન વાળા, ચિરાગભાઈ જોશી, બાબુભાઈ વાણીયા, પ્રફુલભાઈ રાજયગુરૂ, સમીરભાઈ કનોજીયા, મહેશભાઈ વ્યાસ, હિંમતભાઈ ટાપ, વિજયભાઈ કોટીલા, દિલીપભાઈ જોશી, શંકરભાઈ બારીયા, જીવરાજભાઈ મેવાડા સહિતના ૧૫ ડિરેક્ટરો બિનહરીફ થવા પામ્યા હતા.

### જનતાનાં પ્રશ્નોનું નિરાકરણ કરવા અર્થે

## લાઠી ખાતે સમર્પણ કાર્યાલય ખાતે ધારાસભ્ય દ્વારા લોક દરબાર યોજાયો

### ઢગલાબંધ પ્રશ્નોનું નિરાકરણ કરી દેવાયું





અમરેલી, તા. ૧૭

લાઠી, બાબરા અને દામનગર જેવા ત્રણ શહેર સાથે ૧૧૦ જેટલા ગ્રામીણ ગામડાઓમાં સુખ સુવિધાઓ સાથે વિકાસનો પર્યાય બનેલા ધારાસભ્ય જનક તળાવીયા હંમેશા વિસ્તારના કામોમાં અગ્રતા આપે છે ને સાથે સાથે અમુક જટીલ પ્રશ્નો માટે પોતાના લાઠી કાર્યાલય ખાતે જનતા દરબાર યોજીને ધારાસભ્ય પ્રશ્નો સાંભળે છે ને ત્વરિત પ્રશ્નોનું નિવારણ લાવવાની સુપેરે કામગીરીઓ કરે છે. આજે લાઠી ખાતે ધારાસભ્યએ જનતા લોક દરબાર યોજીને લાઠી, બાબરા અને દામનગર શહેર સહિતના ગ્રામીણ ગામડાઓના જનપ્રતિનિધિ ઓ, ખેડૂતો, અગ્રણીઓ દ્વારા જનતાના પ્રશ્નો રજૂ કર્યા હતા ને ધારાસભ્યએ ઓન ધ સ્પોટ આ પ્રશ્નોના નિવારણ લાવ્યા હતા ને જે સંબંધિત વિભાગના અધિકારીઓને સૂચનાઓ આપીને પ્રશ્નનું સોલ્યુશન લાવવાની સુંદર કામગીરીઓ ધારાસભ્ય જનક તળાવીયાએ કરી બતાવી હતી. ત્યારે અઠવાડિયે અઠવાડિયે આવી રીતે જનતા દરબાર યોજીને પ્રશ્નોના નિવારણ લાવનાર એકલવીર ધારાસભ્ય જનક તળાવીયા લાઠી બાબરા વિધાનસભામાં જનતાનો સાચો જન પ્રતિનિધિ સાબિત થયા છે એસ.ટી. બસ, વીજળી, ખેડૂતોને મુશ્કેલી, રોડ રસ્તા, ગટર, સ્ટ્રીટ લાઈટ સહિતના અનેક પ્રશ્નોનું નિવારણ એક જ દિવસમાં લાવીને ધારાસભ્ય જનક તળાવીયાએ જનતાના હૃદયમાં સ્થાન અંકિત કર્યું છે. તે વાસ્તવિકતા છે.

## ડુંગરની ટોચ પર સિંહનો અદ્‌ભૂત વિડીયો



અમરેલી જિલ્લાના ડુંગરની ટોચ પર બિરાજમાન સિંહની ડણક આપતો વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ થયો છે.

### પાલિકાના શાસકો યુદ્ધના ધોરણે સફાઈ કરાવે

## લ્યો બોલો : સાવરકુંડલાના જેસર રોડ ઉપર ગટરના ગંધાતા પાણીથી શહેરીજનો તોબા...તોબા

### સત્તાપક્ષના નગરસેવિકાના મકાન પાસે જ સમસ્યા




સાવરકુંડલા, તા. ૧૭


સાવરકુંડલાને સુવર્ણ કુંડલા બનાવવાનું અભિયાન ચાલી રહયું છે. તેવા સમયે જેસર માર્ગ ઉપર આવેલ વોર્ડ-૮માં સત્તાપક્ષના એક નગર સેવિકાનાં નિવાસ સ્થાન નજીક ગટરના ગંધાતા પાણી જાહેર માર્ગ ઉપર ફરી વળતા રોગચાળાનો ખતરો ઉભો થયો છે.એક તરફ સ્વચ્છતા અભિયાન પાછળ દર મહિને લાખો રૂપિયાનો ખર્ચ થતો હોવા છતાં ગંદકી દુર કરવા નિષ્ઠાપુર્વક કામગીરી થતી નથી તે હકીકત છે. પાલિકાના શાસકો શહેરને સ્વચ્છ અને સુંદર બનાવે તેવી માંગ શહેરીજનો કરી રહ્યાં છે.

### ધારાસભ્ય મહેશ કસવાલાની રજુઆત બાદ

## સાવરકુંડલા : પીઠવડી-ગાધકડા માર્ગ માટે રૂપિયા ૧૬ કરોડ મંજુર કરાયા

### રાજયનાં મુખ્યમંત્રીનો આભાર માન્યો





સાવરકુંડલા, તા. ૧૭

સાવરકુંડલા-લીલીયા વિસ્તારના માર્ગ વિકાસ માટે વધુ એક મહત્વપૂર્ણ પગલું લેવામાં આવ્યું છે. સાવરકુંડલા લીલીયાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા દ્વારા પીઠવડી, ગણેશગઢ, ગાધકડા, વિજપડી રોડના વિકાસ માટે રૂપિયા ૧૬ કરોડના મંજુર કરાવ્યા છે.

આ વિકાસ કામોમાં મુખ્યત્વે ડામર રોડનું રીસફેસિંગ, જરૂરિયાત મુજબ સી.સી. રોડ, માર્ગ ફર્નિચર તેમજ અન્ય જરૂરી સ્ટ્રકચરલ કામગીરીનો સમાવેશ કરવામાં આવશે. લાંબા સમયથી આ રોડની ખરાબ હાલત હોવાથી વાહનચાલકો અને સ્થાનિક નાગરિકોને મુશ્કેલી પડી રહી હતી, જેને ધ્યાનમાં રાખીને આ વિકાસ કાર્ય હાથ ધરવામાં આવ્યું છે.

ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ જણાવ્યું હતું કે આ રોડ વિકાસ કાર્ય પૂર્ણ થયા બાદ પીઠવડી, ગણેશગઢ, ગાધકડા અને વિજપડી સહિત આસપાસના ગામોના લોકો માટે આવન-જાવન વધુ સરળ, સુરક્ષિત અને સુવિધાજનક બનશે. સાથે જ ખેતી, વેપાર અને સ્થાનિક વિકાસને પણ નવી ગતિ મળશે.

સાવરકુંડલા તાલુકાના પીઠવડી, ગણેશગઢ, ગાધકડા, વિજપડી સ્ટેટ રોડ માટે ૧૬ કરોડ રૂપિયા મંજુર કરવા બદલ ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ ગુજરાત રાજયના મૃદુ અને મકકમ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલનો ખુબ ખુબ આભાર માન્યો હતો.

## હવે ઊંટના લોહીથી પણ સાપનું ઝેર ઉતરી જશે

બિકાનેર, તા.૧૭

બિકાનેરના વૈજ્ઞાનિકોએ સર્પદંશની સારવારના ક્ષેત્રમાં એક ઐતિહાસિક સફળતા હાંસલ કરી છે. બિકાનેરની સરદાર પટેલ મેડિકલ કોલેજ અને જોધપુરની છૈંસ્જીની સંયુક્ત ટીમે ઊંટના લોહીમાંથી એન્ટી-સ્નેક વેનમ (સાપનું ઝેર ઉતારનાર રસી) સફળતાપૂર્વક બનાવ્યું છે. આ સિદ્ધિ જીવનરક્ષક સાબિત થઈ શકે છે, ખાસ કરીને ગ્રામીણ ભારત માટે, જ્યાં દર વર્ષે હજારો લોકોને સાપ કરડવાથી મોત મળે છે.સંશોધનમાં સામેલ વૈજ્ઞાનિકોના મતે, ભારતમાં દર વર્ષે આશરે ૫૦,૦૦૦ લોકો સર્પદંશથી મૃત્યુ પામે છે, જેમાં ખેડૂતો અને ખેતમજૂરો સૌથી વધુ હોય છે. હાલમાં, સર્પદંશની સારવાર માટે વપરાતું એન્ટી- સ્નેક વેનમ ઘોડાના લોહીમાંથી બનાવવામાં આવે છે, જે ઘણીવાર દર્દીઓમાં એલર્જીની પ્રતિક્રિયાઓ અને ગંભીર સમસ્યાનું કારણ બની શકે છે. આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે, વૈજ્ઞાનિકોએ ઊંટના લોહી પર આધારિત એન્ટી- સ્નેક વેનમ પર કામ કરવાનું શરૂ કર્યું હતું.અહેવાલ અનુસાર, યુનિટ નોડલ ઓફિસર ડૉ. સંજય કૌચરના જણાવ્યા પ્રમાણે, ઊંટના શરીરમાં હાજર ખાસ એન્ટિબોડીઝ સાપના ઝેરને વધુ અસરકારક રીતે નિષ્ક્રિય કરી શકે છે, જેનાથી આડઅસરોનું જોખમ ઓછું થાય છે.સંશોધનના ભાગ રૂપે, ઊંટના શરીરમાં નિયંત્રિત માત્રામાં સાપના ઝેરનું ઈન્જેક્ટ કરવામાં આવ્યું હતું, અને પછી તેના લોહીમાંથી સાપના ઝેર વિરોધી રસી તૈયાર કરવામાં આવી હતી. આ દવાનું ઉંદર પર સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવ્યું હતું, જ્યાં કોઈ ગંભીર આડઅસર જોવા મળી ન હતી. આ સકારાત્મક પરિણામોને પગલે, હવે માનવો પર ક્લિનિકલ ટ્રાયલ માટે તૈયારીઓ શરૂ થઈ ગઈ છે.

આ સમગ્ર સંશોધન વિશ્વ આરોગ્ય સંસ્થાના પૂર્વ-ક્લિનિકલ ધોરણો અનુસાર હાથ ધરવામાં આવ્યું હતું. નિષ્ણાતો માને છે કે, જો માનવ પરીક્ષણો પણ સફળ થાય છે, તો ઊંટના લોહીમાંથી બનેલું આ રસી સાપ કરડવાની સારવાર માટે સલામત, સસ્તું અને અસરકારક વિકલ્પ બની શકે છે, અને ભવિષ્યમાં હજારો જીવ બચાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

### પ્રદેશ ભાજપ કિશાન મોરચાનાં અગ્રણીનો વિડીયો વાયરલ

## ડુંગળીના પોષણક્ષમ ભાવો ખેડૂતોને મળતા ન હોય ખેડૂત નેતાની હૈયાવરાળ

### ખેતરમાં પાણી વાળતો વિડીયો વાયરલ થયો



અમરેલી, તા.૧૭

અમરેલી જિલ્લા સહિત સમગ્ર રાજયમાં ડુંગળી પકવતા ખેડૂતોને દર વર્ષે પોષણક્ષમ ભાવો મળતા ન હોય અને આથી, ખેડૂતોની મહેનત ઉપર દર વર્ષે પાણીઢોળ થઈ રહયું છે.

દરમિયાનમાં પ્રદેશ ભાજપ કિસાન મોરચાના અગ્રણી હિરેન હિરપરાએ ખેતરમાં પાણી વાળતા હૈયાવરાળ ઠાલવતા જણાવ્યું કે જો ડુંગળીનો ભાવ વધે તો સૌ કોઈ ગૃહિણીનું બજેટ ખોરવાયું તેમ કહે છે. પરંતુ , જગતનો તાત મહેનત કરી ડુંગળી પકવે અને યોગ્ય ભાવ ન મળતે તો ખેડૂતોની વેદનાને યોગ્ય વાચા મળતી નથી. તેવો વસવસો વ્યકત કર્યો હતો.

# વીજપડી ગામે રસભર્યા સેવા સમિતિ દ્વારા સાવરકુંડલા મુસ્લિમ અગ્રણીઓનું સન્માન કરાયું



સાવરકુંડલા તાલુકાના વીજપડી ગામે રસભર્યા સેવા સમિતિ દ્વારા સાવરકુંડલાના સેવાભાવી મુસ્લિમોનું સન્માન કરી તેમની સેવાને રસભર્યા સેવા સમિતિ દ્વારા બિરદાવામાં આવેલ હતી સાવરકુંડલા તાલુકાના વીજપડી રસભર્યા સેવા સમિતિની ઓફિસેની શુભેચ્છા મુલાકાતે સાવરકુંડલાના મુસ્લિમ અગ્રણીઓ લીધી હતી જેમાં રસભર્યા સેવા સમિતિના અધ્યક્ષ યાકુબભાઈ રસભર્યા અને મુસ્લિમ અગ્રણી યુનુસભાઈ પોહાર દ્વારા સાવરકુંડલાના મુસ્લિમ અગ્રણી અને નાગરિક બેંકના પૂર્વ ડિરેક્ટર ઉસ્માનભાઈ પઠાણનું અને સાવરકુંડલા સમસ્ત મુસ્લિમ સમાજના પ્રમુખ ઈરફાન ભાઈ કુરેશીની કોઈ ભેદભાવ વિનાની કામગીરી ધ્યાને લઈને તેમજ સત્ય માટે હંમેશા કલમ ઉઠાવીને લોક સમસ્યા અને લોકસેવા કરવામાં અગ્રેસર એવા ઈકબાલ ગોરી અને અમરેલી જિલ્લાની સમસ્યાનો નિરાકરણ લાવવા ઈલેક્ટ્રિક મીડિયા જિલ્લા રિપોટર ફારૂક કાદરી અને યુવાન જર્નલિસ્ટ રૂસ્તમ કાજીનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ હતું અને બધા જ આગેવાનોની નિસ્વાર્થ સેવાને બિરદાવી કદર રૂપે સન્માન કરેલ હતું. ભારતીય સંસ્કૃતિમાં દર્શાવેલ વસુધૈવ કુટુંમ્બકમની ભાવનાને સાર્થક કરવા યાકુબભાઈ રસભર્યાએ આહવાન કરેલ હતું.

### ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડાના નેતૃત્વમાં યોજાયેલ પદયાત્રા

# ઈડી, આઈટી, સીબીઆઈ સ્વાયત સંવિધાનિક સંસ્થાઓનો દુરૂપયોગ કરીને વિપક્ષને ખતમ કરવાના ષડયંત્રો ખુલ્લા પડી ગયા

**ભાજપ કાર્યાલયના ઘેરાવમાં મોટી સંખ્યામાં કાર્યકરો–આગેવાનો જોડાયા**



અમદાવાદ, તા. ૧૭

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિતભાઈ ચાવડાના નેતૃત્વમાં સત્યના વિજયની પદયાત્રા સાથે ભાજપના કાર્યાલય ખાનપુર ઘેરાવ કરવા તરફ કૂચ કરવામાં આવી અને સરકારની કુનીતિઓ સામે વિરોધ વ્યકત કરવામાં આવ્યો. આ દરમિયાન કોંગ્રેસ પક્ષના નેતા અને કાર્યકરો પર ભાજપ સરકારના ઈશારે પોલીસ દ્વારા બળપ્રયોગ કરવામાં આવ્યો તેમજ મોટી સંખ્યામાં કાર્યકરો–આગેવાનોની અટકાયત કરવામાં આવી.

ED, IT, CBI સ્વાયંત સંવિધાનિક સંસ્થાઓનો દુરૂપયોગ કરીને વિપક્ષને ખતમ કરવાના ષડયંત્રો અંગે કેન્દ્ર સરકાર પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યુંહતું કે, મોદી સરકાર જે રીતે ED, IT, CBI સ્વાયંત સંવિધાનિક સંસ્થાઓનો દુઢપયોગ કરે છે, આજે એ બેનકાબ થઈ ગયું, આજે તેની પોલ ખુલી ગઈ. દેશની તાનાશાહી સરકાર દ્વારા ખોટા આરોપો લગાવી સોનિયા ગાંધીજી અને રાહુલ ગાંધીજીને હેરાન–પરેશાન કરવામાં આવ્યા હતા. જેમાં આખરે સત્યની જીત થઈ અને નેશનલ હેરાલ્ડ કેસમાં નામદાર કોર્ટ દ્વારા EDનો કેસ રદ્દ કરવામાં આવ્યો. નેશનલ હેરાલ્ડ, જે છેલ્લા ૧૨ વર્ષથી જે કેસ ઈડીએ ખોટો કેસ બનાવ્યો હતો, આજે ઈડીના તે કેસનું સંજ્ઞાન રાઉઝ એવન્યુની એક અદાલતે લેવાનો ઈનકાર કરી દીધો. The court has refused to take cognizance ot the ED's case on National Herald, agaist Mrs. Sonia Gandhi, agaist Mrs. Rahul Gandhi and others. આ ષડયંત્ર શું હતું? આ ષડયંત્ર કેમ હતું? આ ષડયંત્ર કોણે રચ્યું? આ કેમ રચ્યું? તમે જોયું આજથી ૩ દિવસ પહેલાં, ૨ દિવસ પહેલાં રામલીલા મેદાનમાં લાખો લોકો ભેગા થયા હતા. જનનાયક રાહુલ ગાંધી નીડરતાથી લોકતાંત્રિક મૂલ્યોની રક્ષા કરવા માટે હંમેશા રસ્તા પર હોય છે, હંમેશા અવાજ ઉઠાવતા હોય છે. આ દેશનું બંધારણ અને આ દેશનું લોકતંત્ર તબાહ થવાની કગાર પર છે, જો તેને કોઈ રોકીને ઊભું છે, તો તે રાહુલ ગાંધી છે, તે કોંગ્રેસ પક્ષ છે. આ ષડયંત્ર તેથી રચવામાં આવી રહ્યું હતું કે કેવી રીતે રાહુલ ગાંધીને હતોત્સાહિત કરવામાં આવે.

આ ષડયંત્ર રાહુલ ગાંધી વિરૂધ્ધ નથી, સોનિયા ગાંધી વિરૂધ્ધ નથી, કોંગ્રેસ પક્ષ વિરૂધ્ધ નથી, આ ષડયંત્ર બધાની વિરૂધ્ધ છે, આ ષડયંત્ર આ દેશના લોકતંત્ર વિરૂધ્ધ છે, આ ષડયંત્ર આ દેશના બંધારણ વિરૂધ્ધ છે, આ ષડયંત્ર એક–એક ભારતવાસીના મૂળ ભૂત અધિકારો વિરૂધ્ધ છે. કારણ કે તેમના બધાની રક્ષા કરવાનું દાયિત્વ આ દેશની જનતાએ વિપક્ષને સોંપ્યુંછે અને વિપક્ષ, ખાસ કરીને શ્રી રાહુલ ગાંધી તે દાયિત્વને ખૂબ મજબૂતીથી નિભાવી રહ્યા છે.

નેશનલ હેરાલ્ડ પર અંગ્રેજોએ પ્રતિબંધ લગાવ્યો હતો અને આજે તે જ લોકો જે તે વખતે મુખબિરીની ષડયંત્રો રચતા હતા, આજે ફરી નેશનલ હેરાલ્ડ વિરૂધ્ધ ષડયંત્રો રચી રહ્યા છે. આ ષડયંત્રો તેથી રચવામાં આવી રહ્યા છે. પરંતુ પીએમએલએનો કેસ એક એવી કંપની પર જે નોટ ફોર પ્રોફિટ કંપની છે, સેક્શન ૨૫ની કંપની છે. કેવી રીતે લાગી શકે ? જયાં ન તમને તનખ્વાહ મળી શકે, ન જયાં એક રૂપિયાનો તમને લાભ મળી શકે, ન જયાં યંગ ઈન્ડિયાની કોઈ પ્રોપર્ટી ટ્રાન્સફર થઈ, કંઈ વેચાણ ન થયું, પીએમએલએનો કેસ લગાવી દીધો.

તો આ તમારી પ્રાઈવેટ આર્મી નથી ઈડી અને ઈડીના અધિકારીઓ, સીબીઆઈના અધિકારીઓ, ઈન્કમ ટેક્સના અધિકારીઓને આજે આંખો ખોલીને, કાન ખોલીને સમજી લેવું જોઈએ, સાંભળી લેવું જોઈએ કે તે પોતે પોતાના ભવિષ્ય સાથે તો રમત કરી જ રહ્યા છે, આ દેશના લોકતંત્રના ભવિષ્ય સાથે પણ રમત કરી રહ્યા છે. આ રાહત આ દેશના લોકતંત્રને મળી છે, કારણ કે ચૂપ કરાવવાની ષડયંત્રો ચાલતી રહી અને આગળ પણ ચાલતી રહેશે. જયારે પણ રાહુલ ગાંધી વોટ ચોરીની વાત કરે છે, કોઈ મહત્વપૂર્ણ મુદ્દો ઉઠાવે છે, તો વડાપ્રધાનનો જવાબ શું ?

દેશની તાનાશાહી સરકાર દ્વારા ખોટા આરોપો લગાવી સોનિયા ગાંધીજી અને રાહુલ ગાંધીજીને હેરાન–પરેશાન કરવામાં આવ્યા હતા. જેમાં આખરે સત્યની જીત થઈ અને નેશનલ હેરાલ્ડ કેસમાં કોર્ટ દ્વારા EDનો કેસ રદ્દ કરવામાં આવ્યો.

આજરોજ અમદાવાદ યોજાયેલ પદયાત્રા–ભાજપ કાર્યાલય ઘેરાવમાં અમદાવાદ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ સોનલબેન પટેલ, અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના નેતા શેહજાદખાન પઠાણ, ધારાસભ્ય ઈમરાનભાઈ ખેડાવાલા, પૂર્વ ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખ, રાજેશભાઈ ગોહિલ, ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસ પ્રમુખ ગીતાબેન પટેલ, ચૂંટાયેલા કાઉન્સીલરો, પ્રદેશના કોંગ્રેસના પદાધિકારીઓ, શહેરના આગેવાનો, મહિલા કોંગ્રેસ, યુવક કોંગ્રેસ, એન.એસ.યુ.આઈ. સહિત મોટી સંખ્યામાં કાર્યકરો ''સત્યમેવ જયતે'' સત્યનો વિજય, રાહુલ ગાંધી જીંદાબાદ, સોનિયા ગાંધી જીંદાબાદ સહિતના નારા લગાવીને પ્લે–કાર્ડ સાથે પદયાત્રામાં

### ધારાસભ્ય તળાવીયાએ ૧૦.૭૬ કરોડ મંજુર કરાવ્યા

# ભૈવાહ : લાઠી–દામનગર માર્ગ ઉપર નાળા–પુલિયાને નવા બનાવવાનું શરૂ

**કુલ ૧૯ જેટલા નાળા–પુલિયા નવા બનશે**



અમરેલી, તા. ૧૭

લાઠી–દામનગર રાજય ધોરી માર્ગ પર આવેલાં વર્ષોથી અતિ જુના અને જર્જરીત બની ગયેલા પથ્થરના નાળા–પુલિયાને બદલીને આધુનિક અને મજબૂત આર. સી. સી. ના નાળા–પુલિયા બનાવવાની મહત્વપૂર્ણ યોજનાનું ખાતમુર્હુત આજે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના શુભ હસ્તે કરવામાં આવ્યું હતું. આ સમગ્ર પ્રોજેકટ માટે કુલ રૂા. ૧૦.૭૬ કરોડની માતબર રકમ મંજૂર કરવામાં આવી છે.

લાઠી–દામનગર રોડ પર હાલમાં કુલ ૧૯ જેટલા પથ્થરના નાળા–પુલિયા આવેલા છે, જે ઘણા વર્ષોથી ભારે વાહનવ્યવહાર, વરસાદી પાણીના વહેણ તથા સમયના કારણે અત્યંત જર્જરીત બની ગયા હતા. ખાસ કરીને ચોમાસાના સમયમાં આ નાળા–પુલિયા પર પાણી ભરાવાની સમસ્યા સર્જાતી હતી, જેના કારણે વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો તેમજ અકસ્માતોની શકયતા પણ વધી જતી હતી.

આ સમસ્યાને ધ્યાનમાં લઈ રાજય સરકાર દ્વારા આ તમામ ૧૯ પથ્થરના નાળા–પુલિયાને તોડી નાંખી તેના સ્થાને આધુનિક ધોરણ મુજબના નવા આર.સી.સી. નાળા–પુલિયા બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. નવા પુલિયા વધુ મજબૂત, ટકાઉ અને લાંબા સમય સુધી ઉપયોગી રહેશે તેમજ ભારે વાહનો માટે પણ સુરક્ષિત રહેશે.

ખાતમુર્હુત પ્રસંગે ધારાસભ્યએ જણાવ્યું હતું કે, લાઠી–દામનગર રોડ આ વિસ્તાર માટે અત્યંત મહત્વનો માર્ગ છે. આ માર્ગ પરથી રોજિંદા હજારો વાહનો પસાર થાય છે, જેમાં ખેડૂતોએ પોતાની કૃષિ પેદાશ બજારમાં પહોંચાડવી, વિદ્યાર્થીઓ, નોકરીયાત વર્ગ તથા સામાન્ય નાગરિકોની આવન–જાવન સરળ બને તે હેતુથી આ વિકાસ કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. નવીન આર.સી.સી. નાળા–પુલિયાના નિર્માણથી માર્ગ સલામતી વધશે તેમજ વિસ્તારના વિકાસને પણ નવી ગતિ મળશે.

આ યોજના પૂર્ણ થયા બાદ લાઠી–દામનગર રોડ પર વાહનવ્યવહાર વધુ સરળ, સુરક્ષિત અને અવરોધરહિત બનશે, જેનાથી સમગ્ર વિસ્તારના સામાજિક અને આર્થિક વિકાસમાં મહત્વપૂર્ણ ફાળો મળશે.

# અમરેલીનાં સેવાભાવી પત્રકારનો આજે જન્મદિન

અમરેલી, તા. ૧૭

અમરેલી જિલ્લામાં પત્રકાર તરીકે નિષ્પક્ષ નીડર અને ઈમાનદારી પૂર્વક ફરજ બજાવતા અને કોઈ પણ સેવા કાર્યો હોય તેમાં હરહમેશ અગ્રેસર જ રહેતા હોય છે એવા જાણીતા પત્રકાર વિપુલ મકવાણાનો આજે જન્મદિવસ છે જેમણે આજરોજ ૪૨ વર્ષ પૂર્ણ કરી ૪૩મા વર્ષમાં મંગલ પ્રવેશ કરતા જન્મ દિવસની ખૂબ ખૂબ શુભેચ્છાઓ. તેમના જન્મદિવસ નિમિત્તે અનેક સંસ્થાઓ કાર્ય કરો, મિત્રો,સગા સબંધીઓ,પત્રકાર મિત્રો, વ્યાપારી મિત્રો



વિપુલ મકવાણાને જન્મદિવસની શુભેચ્છાઓ ૯૮૭૯૨૭૭૬૯૬ પર પાઠવી રહ્યા છે.

# બગસરામાં નાલંદા શૈક્ષણિક સંકુલમાં સાંસદ ખેલ મહોત્સવ યોજાયો






તસ્વીર : સમીર વિરાણી–બગસરા

અમરેલી, તા. ૧૭

બગસરામાં નાલંદા સંકુલમાં તાલુકા કક્ષાનો સાંસદ ખેલ મહોત્સવ યોજાયો જેમાં વિવિધ ૨૫ ટીમોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને અમરેલી જિલ્લા સાંસદ–ભરતભાઈ સુતરીયા, અમરેલી જિલ્લા ભા.જ.પ. પ્રમુખ–અતુલભાઈ કાનાણી, તાલુકા ભા.જ.પ. પ્રમુખ– પ્રદીપભાઈ ભાખર, શહેર એ.વી. રિબડિયા, ગુજરાત રાજય વ્યાયામ શિક્ષણ સંઘના પ્રમુખ પી.ડી. મિયાણી, અમરેલી જિલ્લા સાંસદ ખેલ મહોત્સવના કન્વીનર મનોજભાઈ મહિડા, જિલ્લા પંચાયતના સદસ્ય પ્રતિનિધિ–ધીરૂભાઈ માયાણી, અનિલભાઈ વેકરીયા, નાલંદા સંકુલના મેનેજીંગ ટ્રસ્ટી એમ.એસ. કાપડિયા, ટ્રસ્ટી અશોકભાઈ ઢોલરીયા, જિલ્લા મહિલા મોરચાના પ્રમુખ રંજનબેન ગોહિલ, આચાર્ય સોનલબેન સાંગાણી મેઘાણી હાઈસ્કૂલના આચાર્ય જનતા વિદ્યાલયના આચાર્ય શોભનાબેન વિવિધ મહેમાનો દ્વારા દીપપ્રાગટ્ય કરી કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. સમગ્ર સંચાલન સ્નેહી પરમાર અને દેવાંગીબેન ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું. પધારેલ સર્વે મહેમાનોનું નાલંદા શાળા વતી પુષ્પગુચ્છ તથા શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. રમતગમતના નિર્ણાયક ડોબરીયા રાજેશભાઈ, મનીષ કુકવાવા, મહેશભાઈ રાઠોડ,. આનંદભાઈ દુધરેજીયા,રીનાબેન ગોસાઈ, કિરણભાઈ શાંખલા, રવિ ચુડાસમા, સંતોષ મહેતા, અક્ષાલીબેન નળીયાધરા, કૌશિકભાઈ નસીત દ્વારા યોગ્ય નિર્ણય કર્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા નાલંદા સંકુલના પી.ટી. શિક્ષક રાજુભાઈ ભુવાએ ભારે જહેમત ઉઠાવી હતી.

### ૨૧ ડિસેમ્બરે ''સાંસદ ખેલ મહોત્સવ'' અંતર્ગત

# અમરેલી ખાતે કોથળા દોડ, રસ્સાખેંચ, ચેસ અને ખો-ખો સ્પર્ધા યોજાશે

**શહેરીજનોને રમતવીરોને પ્રોત્સાહન કરવા અનુરોધ**

અમરેલી, તા. ૧૭

અમરેલી જિલ્લાના સાંસદ ભરતભાઈ સુતરીયા દ્વારા આગામી તા. ૨૧/૧૨/૨૦૨૫ના રોજ જિલ્લા કક્ષાએ સાંસદ ખેલ મહોત્સવ–૨૦૨૫ અંતર્ગત અલગ અલગ વયજૂથમાં ચાર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.

અમરેલી શહેરમાં આવેલા સરદાર પટેલ રમત સંકુલ ખાતે યોજના સ્પર્ધા અંતર્ગત કોથળા દોડ, રસ્સાખેંચ, ચેસ અને ખો–ખોની સ્પર્ધા યોજાશે. સ્પર્ધામાં અમરેલી જિલ્લાના રમતવીરો પોતાની ક્ષમતા પ્રદર્શિત કરશે. આ સ્પર્ધામાં રમતવીરોને પ્રોત્સાહિત કરવા માટે વધુમાં વધુ નાગરિકોને જિલ્લા રમત વિકાસ અધિકારી દ્વારા એક યાદીમાં અનુરોધ કરવામાં આવ્યો છે.

### બી.એલ. રાજપરા, તુષારભાઈ વિરડીયા સહિત

# ટીંબીની નિર્દોષાનંદજી હોસ્પિટલનાં ટ્રસ્ટીએ ડાયમંડ કિંગની લીધી મુલાકાત

**પુસ્તક અને શાલ અર્પણ કરવામાં આવ્યા**



અમરેલી, તા. ૧૭

સ્વામી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ ટીંબી (જી. ભાવનગર)ના દાતા તેમજ શૈક્ષણીક અને આરોગ્યક્ષેત્રે અભૂતપૂર્વ કાર્ય કરી રહેલા અમરેલીના વતની લક્ષ્મી ડાયમંડ વસંતભાઈ એચ. ગજેરાના આમંત્રણથી માનવસેવા હોસ્પિટલ ટીંબીના સ્થાપક ટ્રસ્ટી અને વહીવટકર્તા બી.એલ. રાજપરાએ તેઓના સુરત નિવાસસ્થાને શુભેચ્છા મુલાકાત લીધી હતી.

જરૂરિયાતમંદ દર્દી નારાયણની વધુ સારી સારવાર ઉપલબ્ધ થઈ શકે ઉપરાંત આરોગ્યક્ષેત્રે શું શું કરવું જોઈએ. તે અંગે ઘનિષ્ઠ ચર્ચા કરવામાં આવી હતી. હોસ્પિટલના ટ્રસ્ટી બી.એલ. રાજપરા અને ટ્રસ્ટી તુષારભાઈ વિરડીયા (C.A.) દ્વારા પુ. સદગુરૂદેવ લિખીત જીજ્ઞાસુ પિયુષ પુસ્તક અને શાલ અર્પણ કરીને વસંતભાઈનું સન્માન કરવામાં આવ્યું હતું.

### એસપીની સુચનાથી સ્થાનિક પોલીસની કામગીરી

# રાજુલા પંથકમાં હત્યાની કોશિશ સહિતનાં ગુન્હામાં આરોપીની અટકાયત કરાઈ

**ગુન્હાની ઘટનાનું રીકન્સ્ટ્રકશન કરવામાં આવ્યું**

અમરેલી, તા. ૧૭

રાજુલા પોલીસ સ્ટેશન તથા અન્ય પોલીસ સ્ટેશનના કુલ ૩૫ જેટલા ગુન્હાનો આરોપી શિવરાજ વાલાભાઈ ધાખડા (રહે. વડ) રાજુલા પોલીસ સ્ટેશનમાં હત્યાની કોશીશ સહિતનાં માં નાસ્તો ફરતો હોય તેને ઝડપી પાડવા રાજુલા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ.એ.ડી.ચાવડાએ આ ગંભીર ગુન્હાના આરોપીને શોધી કાઢવા અલગ અલગ ટીમો બનાવી હતી. અને અલગ અલગ દિશામાં તપાસ શરૂ કરેલ હતી. અને રાજુલા પોલીસ ટીમને ટેકનીકલ તથા હ્યુમન સોર્સી આધારે આરોપીને રાજુલા તાલુકાના વડ ગામેથી શોધી કાઢી અને ત્રણ ગુન્હાને કામે અટક કરેલ હતો.



ઝડપાયેલ આરોપીએ રાજુલા તાલુકાના હીડોરણા ચોકડી પર આવેલ ચેતન ઓટો સપ્લાય નામનાં પેટ્રોલ પંપ પર આરોપીએ ગુન્હો આચરેલ તેને તે જગ્યાએ લઈ જઈ અને હત્યાની કોશીશ તથા ભારતીય ન્યાય સહીતાની અલગ અલગ કલમ મુજબનો ગુન્હો કરેલ હોય તે ઘટનાનું રીકન્સ્ટ્રકશન પંચનામું કરેલ હતું. અને આરોપી કાયદાનું ભાન કરાવેલ અને કાયદો વ્યવસ્થા જળવાઈ તે હેતુ તથા સામાન્ય નાગરીકમાંથી આરોપીનો ભય દુર થાય અને કાયદો વ્યવસ્થા જળવાઈ તે હેતુથી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ હતી.

### એડવોકેટ સંદીપ પંડયા અને એચ.એલ. સોલંકીની મજબૂત દલીલોથી

# અમરેલીની પોકસો કોર્ટમાં પોકસો, એટ્રોસિટી અને અપહરણ જેવી ગંભીર કલમોમાં આરોપીના જામીન મંજુર

**આરોપીને યોગ્ય શરતો સાથે નિયમિત જામીન પર મુકત કરાયા**

અમરેલી, તા.૧૭

અમરેલીની ચોથા અધિક સત્ર તથા સ્પેશયલ પોકસો અદાલતે લાઠી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગંભીર ગુનાના કેસમાં આરોપીને નિયમિત જામીન પર મુક્ત કરવાનો મહત્વપૂર્ણ હુકમ કર્યો છે. આ કેસમાં બચાવ પક્ષ તરફથી એડવોકેટ સંદીપ પંડયા અને એડવોકેટ એચ.એલ.સોલંકી દ્વારા કરવામાં આવેલી મજબૂત, તર્કસંગત અને કાયદેસર દલીલોને અદાલતે માન્ય રાખી જામીન મંજૂર કર્યા છે. લાઠી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી એફ.આઈ.આર. મુજબ આરોપી સામ આઈપીસી કલમ ૩૬૩, ૩૬૬ (અપહરણ), પોકસો એકટ કલમ ૧૮ તથા એટ્રોસિટી એકટ કલમ ૩(૨)(૫) જેવી ગંભીર કલમો લાગુ કરવામાં આવી હતી. ગંભીર આરોપોને લઈ રાજય સરકાર તરફથી એમ.આર.ત્રિવેદી અરજીનો કડક વિરોધ કર્યો હતો. બચાવ પક્ષ તરફથી એડવોકેટએ અદાલતનું ધ્યાન કેસની





હકીકતો તરફ દોર્યું હતું. તેમણે દલીલ કરી હતી કે ફરીયાદ નોંધવામાં વિલંબ થયો છે, ભોગ બનનારની ઉંમર બાબતે રેકોર્ડમાં વિરોધાભાસ છે, તપાસના તબક્કે આરોપીની વધુ કસ્ટડી જરૂરી નથી તેમજ આરોપી સ્થાનિક રહેવાસી છે અને કોઈ પૂર્વ ગુનાહિત ઈતિહાસ ધરાવતો નથી. સાથે જ ટ્રાયલ દરમિયાન હાજરી રહેશે તે બાબત પર પણ ભાર મૂકાયો હતો.અદાલતે બંને પક્ષોની દલીલો, તપાસ અધિકારીના દસ્તાવેજો અને કેસની પરિસ્થિતિઓનું અવલોકન કર્યા બાદ બેલ નોટ જેલના સિદ્ધાંતને લાગુ કરીને આરોપીને યોગ્ય શરતો સાથે નિયમિત જામીન પર મુક્ત કરવાનો હુકમ કર્યો. આ ચુકાદો પોકસો, એટ્રોસિટી અને અપહરણ જેવી ગંભીર કલમોના કેસમાં જામીન મંજૂર કરાવતા બચાવ પક્ષના એડવોકેટ સંદીપ પંડયા અને એચ.એલ. સોલંકીની અસરકારક કાનૂની કામગીરીની નોંધપાત્ર સફળતા તરીકે કાનૂની વર્તુળોમાં જોવામાં આવી રહ્યો છે.

### આટકોટમાં જાથાનો ૧૦૦૭૦મો જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો

# ભારતમાં ધૂણવાના વેપારથી સૌ સાવધાન રહે ધૂણવુ માનસિક બીમારી સાથે નર્યુ તુત જાથા

**સરકારનાં અવૈજ્ઞાનિક વલણથી અંધશ્રધ્ધા ચિંતાજનક બની**

અમરેલી, તા. ૧૭

અમદાવાદ : રાજકોટ જિલ્લાના જસદણ પાસે આટકોટમાં માતૃશ્રી ડી. બી. પટેલ એજયુકેશન ટ્રસ્ટ ઉપક્રમે છાત્રાઓમાં અંધશ્રદ્ધા નિવારણાર્થે ભારત જન વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો લોકજાગૃતિ કાર્યક્રમ સફળતાથી સંપન્ન થયો હતો. ધાર્મિકતામાં ભારતે દિશા બદલાવને કારણે પ્રગતિમાં અવરોધક સાબિત થવાનો છે. ધૂણવાના ધંધાથી માનવ જાતને નુકશાન થવાનું છે. ધૂણવું એ માનસિક બિમારીની વ્યાખ્યામાં આવે છે. જાથાનો ૧૦૦૭૦ મા કાર્યક્રમમાં આટકોટ પોલીસ સ્ટેશનની પ્રશંસનીય કામગીરી હતી.કાર્યક્રમનું વૈજ્ઞાનિક પદ્ધતિથી ઉદ્‌ઘાટન ટ્રસ્ટી અરજણભાઈ એલ. રામાણીએ કરી લોકોને અંધશ્રદ્ધામાંથી બહાર આવવા અનુરોધ કર્યો હતો. છાત્રાઓએ વિજ્ઞાન અભિગમ કેળવી સમાજ–રાષ્ટ્રમાં ભાગીદારી કરવી જોઈએ. ધૂણવાથી સાવધાન રહેવા અપીલ કરી હતી.કાર્યક્રમમાં ટ્રસ્ટી આર. પી. પટેલ, વેલજીભાઈ હિરપરા, રમેશભાઈ સાવલીયા, પ્રિન્સિપાલ અનિલ મેથ્યુ, મહેન્દ્રભાઈ ગરાસીયા, જયદિપભાઈ ખાચર, ડેનીસાબેન રામાણી, જાગૃતિબેન પેથાણી, કલ્પેશભાઈ રામાણી સહિત આગેવાનો હાજર રહ્યા હતા જાથાના રાજય ચેરમેન એડવોકેટ જયંત પંડયાએ છાત્રાઓને પોતાનો વિચાર રજૂ કરતાં જણાવ્યું કે વર્તમાન સમયે ધૂણવાનો ધંધો પૂરજોશમાં જોવા મળે છે જે ભવિષ્યમાં ખતરાની આલબેલ છે. ભારતે દિશા બદલી હોય તેવો અહેસાસ થાય છે. ભાવિ પેઢી માટે ચિંતાનો વિષય છે. ધૂણવું એ માનસિક બિમારીની વ્યાખ્યામાં આવે છે. બિમાર દર્દી હોય તે મેડિકલ સારવારથી લાભપ્રદ હોય છે. જયારે ધૂણવામાં ઢોંગ–ધતિંગ કરતા હોય તેને દવા કારગત નીવડતી નથી. ઢોંગી લોકોને છેતરવામાં નિપુણ હોય છે. ઉકળતા તેલમાં હાથ નાખી માથા–ગાલ ઉપર સેકન્ડના ભાગમાં પ્રવાહી લગાડતા હોય તે પ્રેકટીસનો વિષય છે. આવા કરતબ કરનારા લોકોને પ્રભાવિત કરવા કરતાં હોય છે. જેમાં દેવી–દેવતાના નામ લઈ લોકોને અંધશ્રદ્ધામાં ધકેલતા હોય છે. જાથાએ દસ હજારથી વધુ કાર્યક્રમોમાં ઉકળતા તેલમાં હાથ નાખી પુરી–ભજીયાનો પ્રયોગ કર્યો તે વિજ્ઞાનના ક્રિયા–કારણના સંબંધો હોય તેવું સાબિત કરે છે. અમુક ભુવાઓ શેખી મારી પોતે કરતાં પ્રયોગની ચેલેન્જ મારતા હોય છે. વાસ્તવમાં વિજ્ઞાન–કોમ્પ્યુટર, લેપટોપમાં કશી જ ગતાગમ પડતી ન હોય તેથી ધૂણવા સાથે સાંકળ મારવાની ડંફાસ મારતા હોય છે. કોરોના વખતે લેભાગુ ભુવાઓ કયાં સંતાય ગયા હતા તેવો પ્રશ્ન કરવો જોઈએ. ધૂણવાથી કોઈએ અંજાઈ જવાની જરૂર નથી આવા કરતબો છેતરપિંડી માટે કરતાં હોય છે તેથી સાવધાન રહેવું જોઈએ.વધુમાં જયંત પંડયાએ જણાવ્યું કે વિજ્ઞાન અભિગમ–દ્રષ્ટિકોણ, ટેકનોલોજીથી દેશની પ્રગતિ થાય છે. લોકો ધર્મની દિશા પકડશે તો નુકશાની વેઠવી પડશે. ધાર્મિકતાથી કોઈ દેશ–રાષ્ટ્રપ્રગતિ કરી હોય તેવો એકપણ દાખલો નથી. રાજકીય પક્ષો, ધાર્મિક નેતાઓ લોકોને પાછળની સદીં ધકેલવા ધર્મ–આપ્રયાત્મિકની વાતો આગળ ધરી લોકોને ભ્રમમાં નાખે છે. વાસ્તવમાં સત્તામાં રહેવા, ટકવા, મેળવવા માટેના હવાતીયા હોય છે જે લોકોએ અનુભવે સમજવું પડશે. ભારતમાં અંધશ્રદ્ધાનો વેપલો પૂરબહાર જોવા મળે છે.

ધૂણવાથી કોને ફાયદો છે ? ધૂણવાવાળા પાસે બેઠેલા લોકોની માનસિકતા જોવી જોઈએ. ભુવો શેખી મારતો હોય તેની પાસે બેઠેલા લોકોની ટકાવારી કેટલી તેથી મંથન કરી અંધશ્રદ્ધામાંથી બહાર આવવું જોઈએ. ધૂણવાની પ્રેકટીસે ધંધો બનાવી દીધો છે. ધૂણવાવાળા લેભાગુથી દેશને ફાયદો કરતાં નુકશાન વધુ થાય છે જેથી જાગૃતોએ બોધપાઠ આપવો જોઈએ.

જાથાના પંડયાએ જણાવ્યું કે સરકારે અંધશ્રદ્ધા સામે નવું વિધેયક અસરકારક સાબિત થયું નથી તેમાં રાખેલી છટકબારી બંધ કરવાની સાથે ગામે ગામે વિધેયકની જાણકારી આપવી જોઈએ. ભૂત–પ્રેત, જીન્નાત, ડાકણ–ચુડેલ, મામો, ખવીશ, આસુરી શકિતનું અસ્તિત્વ જ ન હોય. તેનો ભય–ડર રાખવો જોઈએ નહિ. પિતૃ–સુરાપુરા, મૃત્યુ પામેલા કદી નડતા નથી જીવતા માણસો જ નડે છે. માનવીને પોતાના પૂર્વગ્રહો જ નડે છે.

જુના વિચારો–જડતાને તિલાંજલિ આપવી જોઈએ. અવકાશી ગ્રહો–ગ્રહણો નિર્જીવ હોય નડે જ નહીં, તેના વિધિ–વિધાન બકવાસ છે. હાથામાં પહેરેલી ગ્રહોના નંગની વિંટી દરિદ્ર માનસિકતાના દર્શન કરાવે છે.વૈજ્ઞાનિક પ્રયોગોમાં એકના ડબલ, રૂપિયાનો વરસાદ, હાથમાંથી કંકુ–ભસ્મ–લોહી નીકળવું, જીભની આરપાર ત્રિશુલ, શ્રીફળનું સળગવું, મનગમતી મીઠાઈ ખવડાવવી, કાનેથી ચિઠ્ઠી વાંચવી, બોલતુ તાવિજ, બેડી તૂટવી, ઉકળતા તેલમાંથી હાથેથી પૂરી તળવી વિગેરેનું નિદર્શન કરી છાત્રાઓને શીખડાવી દેવામાં આવેલ.આટકોટ પોલીસ સ્ટેશનના પી.આઈ. આર. એસ. કાકડીયાએ પોલીસ બંદોબસ્ત માટે હેડ કોન્સ્ટે. ભગવાનજી વિઠ્ઠલભાઈ બેરાણી, હેડ કોન્સ્ટે. મધુબેન ગમારા, પો. કોન્સ્ટે. વિજયભાઈ ગોંડલીયા કાર્યક્રમ સ્થળે હાજર રહ્યા હતા.જાથાના રવિ પરબતાણી, અંકલેશ ગોહિલ, રોમિત રાજદેવ, ગુલાબસિંહ ચેહાણ, મીમીકી આર્ટીસ્ટ ઉમેશ રાવ, બીનાબેન સોની, ભાનુબેન ગોહિલ પ્રયોગમાં જોડાયા હતા. કાર્યક્રમનું સંચાલન કલ્પેશ રામાણીએ કર્યુ હતું.રાજયમાં લોકજાગૃતિ કાર્યક્રમ યોજવા ઈચ્છુકોએ મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક કરવો.

# વંડાની પી.પી.એસ. હાઈસ્કૂલમાં માતૃ–પિતૃ વંદના કાર્યક્રમ યોજાયો










''માતા–પિતાના ચરણોમાં છે સ્વર્ગ, તેમની સેવા એ સાચો ધર્મ, સર્વ પ્રથમ તેમને વંદન કરીએ, નમીએ તેમની શરણ ' માતા–પિતા આપણા જીવનમાં સૌથી મહત્વ પૂર્ણ વ્યકિતઓમાંના એક છે. તેઓ માત્ર જન્મ જ આપતા નથી, પણ આપણા સમગ્ર જીવનના માર્ગદર્શક, સંસ્કાર આપનાર અને પ્રેમનો અખૂટ સ્ત્રોત છે. માતા–પિતા એ આ જગતમાં આપણા માટે ભગવાન સમાન છે. તેમના પ્રત્યે શ્રદ્ધા, આદર અને સન્માન બતાવવું એ આપણી ફરજ છે. તેમનો આભાર માનવો અને તેમની સેવા કરવી એ તેમના પ્રત્યેનું આપણું ઋણ અદા કરવાનું એક માધ્યમ છે. પી.પી.એસ. હાઈસ્કૂલ વંડામાં તા.૧૦ ડીસેમ્બરના રોજ માતૃ– પિતૃ વંદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઋણ અદા કરવા માટે વિદ્યાર્થી માં સંસ્કાર નું સિંચન કરવા માતૃ–પિતૃ વંદનાની એક પહેલ કરી હતી. જેમાં ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીના વાલીઓને પૂજન માટે આમંત્રિત કર્યા હતા. જેમાં બધા વાલીઓ ઉત્સાહ પૂર્વક આમંત્રણનો સ્વીકાર કરી પધાર્યા હતા. કાર્યક્રમની શરૂઆત ઉપસ્થિત માતાઓ અને પિતાઓ દ્વારા દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવી હતી. ત્યારબાદ શાળાની વિદ્યાર્થીની બહેનો ગોંડલિયા સાધના, સાંડસૂર હેતલ, ભુવા નયના દ્વારા સંગીતના સૂરે માતૃ–પિતૃ વંદનાના પ્રેરણા ગીતોઅને પ્રાર્થના વગેરે રજુ કરવામાં આવ્યા હતાં. અને આ કાર્યક્રમને સુંદર બનાવ્યો હતો. સાથે જ આ કાર્યક્રમના મુખ્ય પ્રેરક પ્રહલાદભાઈ ચેહાણે પ્રાસંગિક અને સ્વાગત ઉદ્બોધન સાથે આ પ્રસંગે જણાવ્યું હતું કે માતા–પિતા એ જીવનના પાયાના પથ્થર છે, તેમના માર્ગદર્શન અને ત્યાગ દ્વારા આપણું જીવન સુખી અને સફળ બને છે તેમને શ્રદ્ધા અને આદર આપવું એ આપણો પ્રથમ અને સર્વોચ્ચ કર્તવ્ય છે તેવો સંદેશો બાળકો અને આજની યુવા પેઢીને આપવામાં આવ્યો હતો. ભરતભાઈ ગોંડલિયાના માર્ગદર્શન હેઠળ દવે ઉમંગ, ત્રિવેદી વેદાંતે શાસ્ત્રોકત મંત્રોચ્ચારના પ્રવનિમાં બાળકોએ શાળામાં પધારેલ વાલીઓનું કુમકુમ તિલક, ફૂલ, અક્ષત દ્વારા પૂજન કરી અને મીઠાઈ અર્પણ કરી હતી, ત્યારે શાળાનું વાતાવરણ લાગણીશીલ તેમજ ભાવવિભોર થઈ ગયેલ હતું. ''માતા પિતાની તેમના બાળકો સાથેની એક યાદગાર ક્ષણ.'' સાથે માતૃ–પિતૃ વંદના કાર્યક્રમ સંસ્કાર, સમર્પણ, કરૂણા અને સંવેદનાનો સેતુ બન્યો હતો. ત્યારબાદ શાળાના સારસ્વતઓમાં નીતાબેન ભટ્ટ, આચાર્ય સંજયભાઈ ચૌહાણે માતૃ પિતૃ વંદનાના કાર્યક્રમ અંતર્ગત પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા. કાર્યક્રમ દરમિયાન શાળા સંચાલક મનજીબાપા ઉપસ્થિત રહીને બાળકોને આશીર્વાદ આપ્યા હતા. સરવૈયા કિંજલ તેમજ બાવળિયા અસ્માબેને પોતાની ઉર્મિઓ રજુ કરી હતી. સહુ ગુરૂજનોના માર્ગદર્શન હેઠળ ખૂબ જ ભાવસભર અને સંસ્કારમય માતૃ–પિતૃ વંદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓ સહિત તમામના મનમાં માતા– પિતાના પરિશ્રમ અને ત્યાગ માટે ભાવ જગાવવાનો હતો. બાળકોને માતા–પિતાનું મહત્વ સમજાવવામાં આવ્યું અને શિક્ષક ભાઈ બહેનો દ્વારા શાસ્ત્રોકત વિધિથી વિદ્યાર્થીઓમાં કૃતજ્ઞતાનો ભાવ જગાવી તેમના દ્વારા માતાનું પૂજન કરાવવામાં આવ્યું હતું. આવાં કાર્યક્રમો દ્વારા આપણી સંસ્કૃતિના મૂલ્યો નવી પેઢીને મળતા રહે અને ''સંસ્કાર એજ સાચી શિક્ષા''નો સંદેશ દરેક હદય સુધી પહોંચે એજ શાળાનો મહાન પ્રયાસ છે. સાથે આ કાર્યક્રમમાં શાળાના ભૂતપુર્વ વિદ્યાર્થીઓનું સંગઠન કર્મયોગ ગ્રુપ દ્વારા આર્થિક પછાત ૩૦ વિદ્યાર્થી ભાઈ બહેનોને શૈક્ષણિક સહાય માટે રૂા. ૩૩૦૦૦ સ્કોલરશીપની સહાય તેમજ સ્કૂલકીટ અર્પણ કરવામાં આવી હતી. ટ્રસ્ટી અરવિંદભાઈ તળાવિયાએ વાલીઓને માર્ગદર્શન આપ્યું હતું તેમજ કાર્યક્રમમાં ભાગ લેનાર સહુને રોકડ ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા. શાળા મંડળના મંત્રી કાંતિભાઈ પાંચાણીએ તેમનો શુભેચ્છા સંદેશ પાઠવ્યો હતો. ભારતીય સંસ્કૃતિમાં માતા–પિતા એ સ્નેહ, ત્યાગ અને આત્મીયતાના મૂર્તિરૂપ છે. એમના આશીર્વાદ અને માર્ગદર્શનથી બાળકોના જીવનમાં સંગઠન, સાંસ્કૃતિક મૂલ્યો અને જીવનમાં સંસ્કારોનો અમૂલ્ય ભંડાર મળે છે. આટલા મહત્વના જીવનદાતા પ્રત્યે સન્માન, શ્રદ્ધા અને કૃતજ્ઞતાની ભાવનાને ઉજાગર કરવા માટે પી.પી.એસ. હાઈસ્કૂલ વંડાના બાળકો દ્વારા માતૃ–પિતૃ વંદના કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી. માતૃ પિતૃ વંદના કાર્યક્રમ અંતર્ગત માતા–પિતાનું પૂજન અને ચરણ સ્પર્શ કરીને તેમનું પુષ્પમાળા દ્વારા સન્માન કરીને તેઓ પ્રત્યે કૃતજ્ઞતા અને સન્માનની ભાવના વ્યકત કરી હતી. આ પાવન પ્રસંગે ટ્રસ્ટીઓ, ગુરૂજનો, દાતાગણ અને વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. સમગ્ર કાર્યક્રમ હદય સ્પર્શી અને સંસ્કાર સભર રહ્યો. આ ભવ્ય કાર્યક્રમ દ્વારા સંસ્કાર અને સમર્પણની ભાવના વધુ પ્રબળ થઈ અને આંખો હર્ષોલ્લાસથી છલકાઈ. અંતમાં શાળાના શિક્ષક સંજયભાઈ વિસાણીએ આભાર વિધિ વ્યકત કરી હતી. આ કાર્યક્રમનું સંચાલન રોહીતભાઈ ઓઝાએ કર્યુ હતું. ચારિત્ર્ય અને સંસ્કાર નિર્માણના સંકલ્પ સાથે ૩૦૦ છાત્રોએ તેમના માતા પિતાનું પૂજન કર્યુ હતું. મયુરભાઈ ચૌહાણ, જીતુભાઈ તળાવિયા, જગજીવનભાઈ ગજેરા, પ્રવિણભાઈ ઝીંઝુવાડી સહુએ આ રીતે ખૂબ સુંદર, સંસ્કાર અને લાગણી સાથે કાર્યક્રમનું સમાપન કરવામાં સારી મહેનત કરી હતી.

પાના ૧ ઉપરનું ચાલું
## અમરેલી જિલ્લામાં સાયબર ફ્રોડનાં

આર્થિક ફાયદા સારૂ પોતાના બેન્ક એકાઉન્ટના ખાતામાં ફ્રોડના પૈસા જમા કરી અને કરાવી પોતાના આર્થિક ફાયદા સારૂ તે પૈસા પોતે ચેકથી ઉપાડી લઈ સગેવગે કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

ત્રીજા બનાવમાં લાઠી તાલુકાના ચાવંડ ગામે રહેતા હિરેનભાઈ જનકભાઈ ભટ્ટે તેની પત્નિના ચાવંડ ગામે આવેલ બેંક ઓફ બરોડા શાખાનાં એકાઉન્ટ નં. ૯૫૫૧૦૧ ૦૦૦૦૭૩૪૬માં એકાઉન્ટ નં. ૨૨૧૦૫૨૫૦૦૧૪૪૬૩માં આઈએમપીએસ દ્વારા ગત તા. ૧/૫/૨૦૨૫ ના રોજ બે અલગ–અલગ ટ્રાન્ઝેકશન કરી રૂપિયા ૧,૮૦,૦૦૦ તથા બીજા રૂપિયા ૭૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૨,૫૦,૦૦૦ મેળવી લઈ જે રૂપિયા સાયબર ફ્રોડના જમા થયેલ હોવાનું જાણવા છતા પોતાના આર્થિક ફાયદા સારૂ તા.૨/૫/૨૫ ના રોજ તેની પત્નિની ચેકમાં સહી કરાવી ઉપાડી લઈ સગેવગે કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

પાના ૧ ઉપરનું ચાલું
## જાફરાબાદનાં જીકાદ્રી નજીક

રાત્રીનાં ૮:૩૦ વાગ્યાની આસપાસ જીકાદ્રી ગામની નજીક આવેલ હાઈવે રોડ ઉપર પહોંચતા અચાનક પોતાનાં હવાલાવાળી ફોરવ્હીલર કારનું ટાયર ફાટતા સ્ટેરીંગ ઉપરનો કાબુ ગુમાવતા ત્યાં રોડ ઉપર લાગેલ સાઈન બોર્ડ સાથે કાર ધડાકાભેર અથડાઈ જતા કારમાં રહેલાં મહિપતભાઈ તથા ચેતનાબેન બંનેને માથાના ભાગે, કપાળ નાકના ભાગે ગંભીર ઈજાઓ થતા સારવાર અર્થે રાજુલા ખાતે ખાનગી હોસ્પિટલમાં લાવતા ફરજ પરના ડોકટરે ચેતનાબેનને મરણ જાહેર કરેલ હતાં. ઈજા પામનાર મહીપતભાઈ વરૂની સારવાર શરૂ છે.

બીજા બનાવમાં ધારી તાલુકાના ત્રંબકપુર ગામે રહેતાં અને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા રૂત્વીકભાઈ જીતુભાઈ બાવસીયા નામનાં ૨૩ વર્ષીય યુવક સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરવા છતાં અને અવાર–નવાર પરીક્ષા આપવા છતાં તેઓ પરીક્ષામાં પાસ થતા ન હોય. જેથી સતત ટેન્શનમાં રહેતાં હોવાના કારણે મનમાં લાગી આવતા ગત તા.૧૬ ના સાંજના આશરે ૫ વાગ્યે ત્રંબકપુર ગામે પોતાના ઘરે ગળાફાસો ખાઈ લેતાં તેમનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૭૦ | ૧૩૫૫ |
| ૨ | ગીરનાર શીંગ | ૯૮૫ | ૧૩૪૦ |
| ૩ | શિંગ મોટી | ૮૫૦ | ૧૩૮૦ |
| ૪ | શિંગદાણા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ૫ | તલ સફેદ | ૧૦૯૦ | ૨૨૯૦ |
| ૬ | તલ કાળા | ૨૧૬૦ | ૫૦૦૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૩૫૦ | ૨૩૮૨ |
| ૮ | બાજરો | ૩૭૨ | ૪૪૦ |
| ૯ | જુવાર | ૭૫૦ | ૭૫૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૬૦ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૮૦ | ૫૬૩ |
| ૧૨ | મગ | ૧૦૧૦ | ૧૭૦૦ |
| ૧૩ | અડદ | ૮૦૦ | ૧૩૨૫ |
| ૧૪ | ચણા | ૭૮૦ | ૧૦૮૦ |
| ૧૫ | ચણા દેશી | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૬ | સફેદ ચણા | ૭૮૦ | ૧૦૫૦ |
| ૧૭ | છોલે ચણા | ૧૨૨૫ | ૧૫૭૦ |
| ૧૮ | તુવેર | ૭૭૭ | ૧૩૪૦ |
| ૧૯ | કપાસ | ૧૦૦૦ | ૧૫૪૧ |
| ૨૦ | એરંડા | ૧૦૫૫ | ૧૩૦૦ |
| ૨૧ | જીરૂ | ૧૭૦૦ | ૩૮૮૦ |
| ૨૨ | રાય | ૧૫૪૦ | ૧૭૭૦ |
| ૨૩ | ધાણા | ૧૩૦૦ | ૧૭૯૦ |
| ૨૪ | સોયાબીન | ૭૦૦ | ૮૬૬ |
| ૨૫ | મરચા લાંબા | ૬૯૦ | ૩૫૫૦ |

### ૨૦૨૪માં જંત્રી માટે વાંધા સૂચનો મંગાવાયા હતા
# નવી જંત્રીના અમલ માટે ગુજરાત સરકારમાં હિલચાલ

અમદાવાદ,તા.૧૭

રાજયમાં ગુજરાત સ્ટેમ્પ્સ અધિનિયમ-૧૯૫૮ની કલમ-૩૨(ક)ના અસરકારક અમલ માટે રાજ્ય સરકાર દ્વારા સમગ્ર રાજ્યની જમીનો/ સ્થાવર મિલ્કતોની બજાર કિંમત નક્કી કરવા માટેની ગાઈડલાઈન વેલ્યુ (જંત્રી) સમયાંતરે નક્કી કરવામાં આવે છે.રાજ્યમાં થતાં ઝડપી વિકાસ અને ઔદ્યોગિક, શહેરી અને ગ્રામ્ય વિકાસ અને આર્થિક પ્રવૃત્તિઓને લીધે બદલાતી પરિસ્થિતિઓ તથા વિકાસને અવિરત વેગ મળતો રહે તેવા આશયથી નવી જંત્રી તા. ૧૫-૦૪- ૨૦૨૩ થી અમલમાં છે. આ સંદર્ભમાં વૈજ્ઞાનિક પાસાંને ધ્યાને લઈ મહદઅંશે એપ્રિલ-૨૦૨૩ થી નવેમ્બર-૨૦૨૩ સુધી તબક્કાવાર ફિલ્ડ સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી હતી. "શહેરી વિસ્તાર" અને "ગ્રામ્ય વિસ્તાર" માટે જિલ્લાવાર અલગ-અલગ ભાગમાં વિવિધ હેતુઓ માટેના ભાવોથી તૈયાર થયેલ મુસદ્દારૂપ જંત્રી અને માર્ગદર્શિકા તા.૨૦/૧૧/૨૦૨૪ના રોજ વાંધા-સુચન માટે પ્રસિધ્ધ કરવામાં આવી છે.આ મુસદ્દારૂપ જંત્રી (Annual Statement of Rates)- ૨૦૨૪ અને માર્ગદર્શિકા જાહેર જનતાના નિરિક્ષણ માટે https:// garvi.gujara.gov.in વેબસાઈટ તથા સંબંધિત નાયબ કલેકટર (સ્ટેમ્પ ડયુટી)ની કચેરી,બોટાદ પર ઉપલબ્ધ રહેશે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૨૦ | ૧૫૭૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૯૮૦ | ૧૨૨૦ |
| ૩ | મગફળી | ૧૦૧૩ | ૧૩૨૭ |
| ૪ | તલ સફેદ | ૧૬૨૦ | ૨૦૧૦ |
| ૫ | તલ કાળા | ૩૨૩૦ | ૪૫૨૦ |
| ૬ | જીરૂ | ૩૧૬૦ | ૩૯૧૦ |
| ૭ | ઘઉં | ૪૭૫ | ૫૩૫ |
| ૮ | ચણા | ૯૫૦ | ૧૦૮૦ |
| ૯ | અડદ | ૯૩૦ | ૧૨૦૦ |
| ૧૦ | સોયાબીન | ૭૯૫ | ૮૪૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૦૦ | ૧૩૦૫ |
| ૨ | શીંગ મોટી | ૧૧૦૦ | ૧૩૭૧ |
| ૩ | તલ સફેદ | ૧૮૦૦ | ૨૧૧૦ |
| ૪ | તલ કાળા | ૩૬૦૦ | ૪૭૫૦ |
| ૫ | જીરૂ | ૩૫૫૦ | ૩૯૩૦ |
| ૬ | કપાસ | ૧૧૦૦ | ૧૫૬૦ |
| ૭ | ઘઉં લોકવન | ૪૮૦ | ૫૮૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૧૧ | ૫૮૯ |
| ૯ | બાજરો | ૫૩૧ | – |
| ૧૦ | જુવાર | ૭૪૬ | – |
| ૧૧ | મકાઈ | ૫૪૬ | – |
| ૧૨ | મગ | ૧૫૦૦ | – |
| ૧૩ | અડદ | ૯૮૦ | ૧૦૮૨ |
| ૧૪ | ચણા | ૮૭૫ | ૧૦૩૦ |
| ૧૫ | તુવેર | ૮૬૦ | ૯૫૮ |
| ૧૬ | મેથી | ૮૫૧ | – |
| ૧૭ | ધાણા | ૧૩૦૦ | ૧૪૧૭ |
| ૧૮ | સોયાબીન | ૭૦૦ | ૮૩૩ |

પાના ૧ ઉપરનું ચાલું
## બગસરાનાં હડાળા નજીક

નીરજભાઈ મકવાણા પોતાના હવાલાવાળી ફોર વ્હીક કાર નંબર જી.જે.–૧૧ સીએલ–૮૫૩૧ લઈ આજે વ્હેલી સવારે બગસરા તાલુકાના હડાળા ગામથી ત્રણ કિ.મી. દુર ડેરીપીપળીયા ગામના પાટીયા પાસે ઓવર સ્પીડના કારણે કાર ચાલકે સ્ટીયરીંગ ઉપરનો કાબૂ ગુમાવી દેતાં કાર રોડ ઉપરથી નીચે ઉતરી ખેતરમાં આવેલ એક ઝાડ સાથે ધડાકાભેર અથડાતા કારમાં બેઠેલાં ચાર પૈકી વિકાસ સવજીભાઈ સાવલિયા (ઉં.વ. ૩૮) ડ્રાઈવર, મંથન સાવલિયા (ઉં.વ. ૨૬) તથા ધર્મેશ સાવલિયા (ઉં.વ. ૨૯) સહિત ત્રણનાં ઘટનાં સ્થળે મોત નિપજયાં હતાં. જયારે નીરજભાઈ મકવાણાની હાલત ગંભીર હોય તેમને સારવાર માટે પ્રથમ બગસરા અને વધુ સારવાર માટે અમરેલી દવાખાને ખસેડાયેલ છે. આ બનાવની જાણ સ્થાનિક લોકોને થતાં લોકોનાં ટોળાં ઉમટી પડયાં હતાં અને કારમાં ફસાયેલાં લોકોને કારમાંથી બહાર કાઢવાં માટે થઈ અમરેલી ફાયર ફાયટરની ટીમ, પોલીસને જાણ કરવામાં આવેલ હતી.

અમરેલી ફાયર ફાયટરની ટીમે ફાયર ઓફિસર એચ.પી. સરતેજાની આગેવાની હેઠળ ફાયર ટીમના સાગરભાઈ પુરોહિત, ભગવતસિંહ ગોહિલ, કૃષ્ણભાઈ ઓળકિયા, ઋત્વિકભાઈ ભીમાણી, ધવલભાઈ ચાવડા, ધર્મેશભાઈ જુવાદરીયા તથા નિલેશભાઈ સાનિયા વિગેરેએ ઈમર્જન્સી રેસ્કયુ કરી સાધનો વ્હીકલ સાથે તુરંત ઘટના સ્થળ પર પહોંચી પોતાની સૂઝબુજ તથા આધુનિક સાધનોની મદદથી કારમાં ફસાયેલાં ચારેય વ્યકિતઓનું રેસ્કયુ કરી મહામહેનતે બહાર કાઢેલ હતાં. આ બનવાની જાણ થતાં બગસરા પોલીસ પણ ઘટનાં સ્થળે દોડી જઈ અને આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૫૨૨ |
| ૨ | મગફળી | ૧૦૦૦ | ૧૨૭૫ |
| ૩ | ચણા | ૮૨૦ | ૮૨૦ |
| ૪ | સોયાબીન | ૮૩૨ | ૮૩૨ |
| ૫ | અડદ | ૯૨૬ | ૯૨૬ |
| ૬ | જીરૂ | ૩૮૮૫ | ૩૮૮૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૫૫૦ |
| ૨ | ઘઉં લોકવન | ૪૫૫ | ૫૧૬ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૨૦ |
| ૪ | રાય | ૧૫૫૦ | ૧૫૫૦ |
| ૫ | ચણા | ૯૦૦ | ૧૦૨૦ |
| ૬ | ધાણા | ૧૫૪૫ | ૧૭૦૫ |
| ૭ | તુવેર | ૮૦૦ | ૮૦૦ |
| ૮ | અડદ | ૭૦૦ | ૧૧૫૦ |
| ૯ | જુવાર | ૩૬૦ | ૩૬૦ |
| ૧૦ | સોયાબીન | ૫૦૦ | ૮૮૦ |
| ૧૧ | મગફળી | ૬૨૫ | ૧૧૪૦ |
| ૧૨ | તલ સફેદ | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ૧૩ | શીંગદાણા | ૧૦૯૦ | ૧૩૫૧ |
| ૧૪ | મકાઈ | ૫૦૫ | ૫૦૫ |
| ૧૫ | લસણ | ૫૨૦ | ૫૨૦ |
| ૧૬ | એરંડી | ૯૦૫ | ૯૦૫ |
| ૧૭ | મેથી | ૯૫૦ | ૯૫૦ |
| ૧૮ | બાજરો | ૩૦૦ | ૩૦૦ |
| ૧૯ | અજમા | ૯૨૫ | ૯૨૫ |
| ૨૦ | રજકાબી | ૪૧૦૦ | ૬૫૦૦ |
| ૨૧ | ચણા છોલે | ૧૩૯૦ | ૧૩૯૦ |
| ૨૨ | મગ | ૧૨૪૨ | ૧૨૪૨ |

પાના ૮ ઉપરનું ચાલું
## અમરેલી પાલિકાનાં બંધ વાહનો

કાગળ પર વાહન શરૂ હોવાની ખોટી અને અધુરી વિગતો આપતાં ભારે ચકચાર મચી છે.

વિપક્ષી નેતાએ ચીફ ઓફિસરને પાઠવેલ પત્રમાં જણાવેલ છે કે, અમરેલી નગરપાલિકાની આરોગ્ય શાખાના વાહનો કે જે સફાઈ એજન્સીને સોંપવામાં આવેલ છે તે અંગેની માહિતી જેમાં કેટલા વાહનો આપવામાં આવેલા છે ? હાલ કઈ કંડીશનમાં છે ? તે મુજબ માહિતી માંગેલ હતી.

જેમાં આપના તરફથી જવાબ આપવામાં આવેલ. જેમાં આ સફાઈ એજન્સીને વાહનો ચાલુ કન્ડીશનમાં સોંપવામાં આવેલ છે અને હાલ તમામ કાર્યરત છે તેમ જણાવવામાં આવેલું છે. પરંતુ જાણ્યા વગર કાયદાનું ઉલ્લંઘન કરીને માત્ર ઓફિસમાં ખુરશી ઉપર બેસીને જવાબ તૈયાર કરેલ છે જે સત્યથી અત્યંત વેગળુ છે. અમોએ આ વાહનો વિશે જાત તપાસ કરતા શહેરનાં જુદા જુદા ગેરેજ પર આ વાહનો કંડમ–ખખડધજ કન્ડીશનમાં ઘણા સમયથી પડેલા છે અને બિલકુલ કાર્યરત નથી.

વધુમાં જણાવેલ છે કે, ખોટી માહિતી આપવી અને માહિતી અધિનિયમ કાયદાનું ઉલ્લંઘન કરીને ગુનાહિત કૃત્ય કરેલ હોય જેથી આ બાબતે ખોટી માહિતી આપવા બાબતે શહેરની જનતાનાં ટેક્ષનું પુરૂ વળતર ના મળે અને ખોટી માહિતી આપી, વાહનો બંધ હોય છતાં ચાલુ દર્શાવી અને શહેરમાં કાર્યરત હોય તેમ બતાવવાનું પાપ આચરેલ છે.

વધુમાં જણાવ્યું કે, અમોને આપેલ માહિતીમાં જો ખરેખર સત્ય હોય અને બધા જ વાહનો હાલ કાર્યરત હોય અને અમરેલી શહેરમાં સફાઈ કામમાં ઉપયોગમાં હોય તો આ પત્ર મળ્યા બાદ દિન–૨ માં અમોને સાથે રાખી દરેક વાહનોની વિજીટ કરી ખરાઈ કરાવશો અને તેનું પંચરોજકામ શહેરનાં નાગરિકો સાથે રાખીને કરાવશો. અન્યથા અમો એમ સમજીશું કે ઉપરોકત બાબતમાં એજન્સી ખોટા કાર્ય કરી રહી હોય બંધ વાહનોને ચાલુ બતાવતી હોય અને આપ પણ તેને સહકાર આપી ભ્રષ્ટાચાર કરવામાં મદદરૂપ થતાં હોય તેમ જાણી આગળની કાનૂની કાર્યવાહી કરીશું તેમ અંતમાં જણાવેલ છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ એ | ૧૨૦૧ | ૧૫૦૧ |
| ૨ | કપાસ કોડી | ૧૦૦૦ | ૧૧૫૬ |
| ૩ | મગફળી | ૯૮૬ | ૧૩૩૦ |
| ૪ | ઘઉં | ૪૯૮ | ૫૨૩ |
| ૫ | ચણા | ૮૦૦ | ૧૦૦૧ |
| ૬ | અડદ | ૬૭૦ | ૧૦૦૧ |
| ૭ | તુવેર | ૧૧૭૫ | ૧૧૭૫ |
| ૮ | ધાણા | ૮૯૦ | ૧૭૦૦ |
| ૯ | બાજરો | ૩૫૦ | ૩૫૦ |
| ૧૦ | શીંગદાણા | ૧૧૬૦ | ૧૩૦૬ |
| ૧૧ | મેથી | ૮૦૧ | ૮૦૧ |
| ૧૨ | સોયાબીન | ૭૪૬ | ૮૩૩ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૦૦ | ૧૨૭૫ |
| ૨ | તલ સફેદ | ૧૬૦૦ | ૨૧૦૦ |
| ૩ | કપાસ | ૯૦૦ | ૧૫૨૮ |
| ૪ | બાજરો | ૩૩૧ | ૬૨૫ |
| ૫ | ઘઉં ટુકડા | ૫૭૧ | ૫૭૭ |
| ૬ | જુવાર | ૫૦૦ | ૧૦૨૭ |
| ૭ | મગ | ૭૫૦ | ૨૯૦૦ |
| ૮ | મઠ | ૧૨૧૪ | ૧૩૭૧ |
| ૯ | ચણા | ૬૧૫ | ૧૦૫૧ |
| ૧૦ | સોયાબીન | ૫૦૧ | ૮૩૪ |

### શાળાનો સમય પુર્ણ કરી બપોર બાદ ગરીબ બાળકોને અભ્યાસ કરાવવા પહોંચી જાય છે

# અરે વાહ : સાવરકુંડલાની ૪ શિક્ષિકાઓ ગરીબ બાળકોને કરાવે છે અભ્યાસ

**છેલ્લા ૪ વર્ષમાં ૪ બાળકોથી સંખ્યા વધીને ૭૦ સુધી પહોંચતા શિક્ષિકાઓની મહેનત સફળ રહી**

**હાથસણી માર્ગ ઉપર આવેલ વિસ્તારમાં પતરાના શેડમાં ગણિત, અંગ્રેજી સહિતના વિષયોનો કરાવે છે અભ્યાસ**

**ધો. ૪ થી લઈને ધો. ૧૦ સુધી બાળકોને નિ:શુલ્ક શિક્ષણ આપીને સંતોષ વ્યક્ત કરતી શિક્ષિકા બહેનો**

**બી.એસસી. બી.એડનો અભ્યાસ કરેલ ધારાબહેન ગોહિલ સહિતની શિક્ષકાઓનું શ્રેષ્ઠ કાર્ય**




સાવરકુંડલા, તા. ૧૭

સરકાર શિક્ષણનો વ્યાપ સાથે શિક્ષણનું સ્તર સુધરે તેવા પ્રયાસો કરે છે પણ સાવરકુંડલાની ખાનગી શાળાની શિક્ષિકાએ ગરીબ વિધાર્થીઓના શિક્ષણ માટે અનોખી જયોત પ્રજલવિત કરી છે ને વિચરતી વિમુખતી જાતિના ગરીબ બાળકોનું ભવિષ્ય સુધારે તે માટે બે ચોપડી વચ્ચેની માનવ જીંદગીને સફળ બનાવવાનો ભગીરથ પુરૂષાર્થ આરંભ્યો છે ત્યારે શું છે.

સાવરકુંડલાના છેવાડાનાં હાથસણી રોડ પર આવેલ વિચરતી જાતિના ગરીબોના ઝૂંપડાઓ માંથી ખંભે દફતર લઈને આવતા નાના નાના બાળકો પોતાનું ભવિષ્ય શૈક્ષણિક થાય તે માટે બપોર પછી પતરાના શેડ નીચે આવીને ભણી રહ્યા છે ધોરણ ૪ થી લઈને ધોરણ ૧૦ સુધી આ ગરીબોના બાળકો શિક્ષણ મેળવી રહ્યા છે ને આ સાવરકુંડલાની ખાનગી શાળામાં બી.એસ.સી. બી.એડ ની ડિગ્રી ધરાવતી મહિલા શિક્ષિકા ધારાબેન ગોહિલ ઝુપડપટ્ટીના ગરીબ બાળકોને નિશુલ્ક ભણાવવા છેલ્લા ૪ વર્ષથી મહેનત કરી રહ્યા છે દિવસ દરમ્યાન ખાનગી શાળામાં અભ્યાસ કરાવતી મહિલા શિક્ષિકા ધારાબેન ગોહિલ બપોર બાદ ૨ કલાક પછાત વર્ગના ગરીબ બાળકો શિક્ષણથી વંચિત ન રહે તે માટે ચલાવે છે શિક્ષણ ક્લાસિસ... જયારે ગરીબ બાળકોમાટે પતરાનો શેડ ઊભો કરીને ધોરણ ૪ થી ધોરણ ૧૦ સુધીના બાળકોને નિશુલ્ક અભ્યાસ કરાવતી શિક્ષિકા સાથે અન્ય ત્રણ ચાર શિક્ષિકાઓ પણ જોડાઈને બાળકોને ભેગા કરીને ગણિત, હિન્દી, અંગ્રેજી ના પાઠ્યપુસ્તકોનો અભ્યાસ કરાવે છે જે બાળકો પણ હોંશે હોંશે ભણી રહ્યા છે.

સરકારી શાળામાં ભણીને આજના સમયમાં બનેલા મોંઘા દાટ ટ્યુશન ક્લાસિસ ને બદલે આ પતરાના શેડ નીચે ગરીબોના બાળકો માટે ક્લાસિસ કરવા આવે છે ને ખાનગી ક્લાસિસ કરતા પણ વધુ સારૂ શિક્ષણ મેળવતા હોવાનો અહેસાસ અનુભવી રહ્યા છે ત્યારે સામાન્ય રીતે સરકારી શાળાના શિક્ષકો સ્કૂલના સમય પતાવીને ટ્યુશન કલાસિસો ચલાવતા હોય છે પણ સાવરકુંડલાની ખાનગી શાળાની શિક્ષિકા ગરીબ બાળકોને શિક્ષણનું સ્તર સુધરે તેવા પ્રયાસ કરી રહી છે.

શિક્ષણના સ્તરને સુધારવા સાથે ગરીબોને યોગ્ય શિક્ષણ મળી રહે તેવા હેતુને સાકર કરવા મહિલા શિક્ષિકા બહેનો મહેનત કરી રહ્યા છે ત્યારે આ ગરીબોના બાળકો ભણવામાં વધુ પાવરધા બને તે માટે ચાર વર્ષથી આ મહેનત કરીને ૪ બાળકો માંથી ૭૦ બાળકો ધોરણ ૪ થી ધોરણ ૧૦ સુધીના થયા હોય તેનો આનંદ ધારાબેન ગોહિલના શબ્દોમાં જોવા મળી રહ્યો હતો.

ધારાબેન ગોહિલ પોતે ખાનગી શાળામાં અભ્યાસ કરાવીને બાદ આ ગરીબોને ભણાવે છે જયારે પોતાના ખાનગી શાળાના પગાર માંથી ગરીબ બાળકોને પેન્સિલ, બુક સહિતની સ્ટેશનરી પૂરી પાડીને ગરીબોના બાળકોને ભણાવતી ખાનગી શાળાની મહિલા શિક્ષક અન્ય શિક્ષકો માટે પ્રેરણા સમાન બની છે તે હકીકત છે.

## ચલાલા ખાતે શ્રી રાધા કૃષ્ણ મહિલા મંડળ દ્વારા શ્રીમદ્ ભાગવત્ સપ્તાહનુ આયોજન



સાવરકુંડલા, તા. ૧૭

ચલાલામાં સાટોડી પરા ખાતે આવેલ રાધા કૃષ્ણ મહિલા મંડળ આયોજિત તારીખ ૧૪/૧૨/૨૫ થી ૨૦/૧૨/૨૫ સુધી ભાગવતાચાર્ય હાર્દિકભાઈ બી. ભટ્ટ (ધારગણીવાળા)ના વ્યાસાસને શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યુંછે.

આ ભાગવતાચાર્યના શ્રીમુખે જ્ઞાન, વિજ્ઞાન અને અધ્યાત્મ મિશ્રિત અસ્ખલિત વાણી દ્વારા શ્રોતાજનો જ્ઞાન સાગરમાં ડૂબકી લગાવતાં જોવા મળેલ. કથાના અલૌકિક પ્રસંગોમાં હેમાદ્રી શ્રવણ, પોથીયાત્રા, કપીલ પ્રાગટય, નૃસિંહ પ્રાગટય, ભવ્ય લોકડાયરો, વામન પ્રાગટય, શ્રી રામ પ્રાગટય, કૃષ્ણ જન્મ (નંદ ઉત્સવ), ગોવર્ધન (ગિરીરાજ) પૂજન, શ્રી કૃષ્ણ રૂક્ષ્મણી વિવાહ, પરિક્ષિત મોક્ષ અને દશાંશ હોમ સાથે ધાર્મિક પ્રસંગો વ્યાસપીઠ દ્વારા ખૂબ રસાળ અને સંગીતમય શૈલીમાં રસપાન કરાવવામાં આવ્યુંશ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ દરમિયાન પૂ. દાનમહારાજના લઘુ મહંત મહાવીરબાપુ ઉપસ્થિત રહીને આશીર્વચન પાઠવ્યા હતાં સમગ્ર કાર્યક્રમ દરમિયાન વિવિધ ક્ષેત્રોના અગ્રણીઓ ઉપસ્થિત રહીને કથા રસપાનનો લ્હાવો લીધો હતો. રાત્રે યોજાયેલ લોક ડાયરામાં ડો. પ્રતાપ કાબરીયા, ભીખુભાઈ માળવીયા, ગુણુભાઈ બારોટ વગેરે ડાયરામાં લોકસાહિત્ય અને સંસ્કૃતિની રમઝટ બોલાવી હતી. આ તકે પોલીસ વિભાગમાંથી ગઢવી ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી રાધાકૃષ્ણ મહિલા મંડળની વાત કરીએ તો ચૌદ મહિલાઓ દ્વારા સતત પંદર વર્ષથી રાત્રે રોજ એક કલાક સત્સંગ જેવી ધાર્મિક પ્રવૃતિઓ કરતાં કરતાં શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવી રહ્યું છે ત્યારે આ મંડળનો ટૂંકમાં પરિચય આપીએ તો ધારી બગસરા ધારાસભ્ય જે. વી કાકડીયાના ધર્મપત્ની કોકિલાબેન કાકડીયા અને ડો. વાળાના માર્ગદર્શન હેઠળ મંડળના સભ્યો વિમળાબેન રમણભાઈ કાકડીયા, ભારતીબેન પ્રફુલભાઈ કાકડીયા, કંચનબેન દેવજીભાઈ કાકડીયા, જયાબેન બાવચંદભાઈ કાકડીયા, મંજુબેન મનુભાઈ કસવાલા, મંજુબેન ગેડિયા, રસીલાબેન જયંતિભાઈ ભાલાળા, અનસુયાબેન બાબુભાઈ ભાલાળા, વસંતબેન વિઠ્ઠલભાઈ ભાલાળા, પુષ્પાબેન રમેશભાઈ ભાલાળા, કિરણબેન અશ્વિનભાઈ કાકડીયા, કિરણબેન હસુભાઈ સોડવડીયા, દયાબેન કિશોરભાઈ માળવીયા, રસીલાબેન અશ્વિનભાઈ તળાવિયા સમેત તમામ મહિલા સભ્યો પણ આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ભારે જહેમત ઉઠાવી રહ્યા છે. વિશાળ ભાવિકોની ઉપસ્થિતિમાં આ શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન ખૂબ સફળતા પૂર્વક જ્ઞાનસત્રનું આયોજનમાં કથા શ્રવણમાં રસતળબોળ થતાં જોવા મળેલ.

કાર્યક્રમને સફળ બનાવવા માટે યુવા ટીમ દ્વારા ખડેપગે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સાવરકુંડલાના વરિષ્ઠ પત્રકાર બિપીનભાઈ પાંધી તેમજ પાંધી પરિવાર ઉપસ્થિત રહીને કથાનો લ્હાવો લીધો હતો.

## શાખાનાં પુષ્પો

લુઈ બ્રેઈલનો જન્મ ફ્રાંસમાં થયો હતો. તેના પિતા ચામડામાંથી બનતી વસ્તુઓના વેપારી હતા. એક વખત કોઈ સાધનથી રમતા લુઈ બ્રેઈલને આંખમાં ઈજા થઈ અને તેની આંખની દ્રષ્ટિ જતી રહી. એ સમયે એવું માનવામાં આવતું કે આંધળાપણુ એ ઈશ્વરની સજા છે. તેને અંધજનની શાળામાં દાખલ કરવામાં આવ્યો. ત્યાં એક યુવાન સાથે તેમની ભેટ થઈ જાણે તેમને બિંદુઓની મદદથી પણ થા શીખવ્યું. થોડા જ દિવસમાં તેમણે ઝીણવટપૂર્વક અંધજનોનીલિપિમાં સુધારો કર્યો અને ૨૦ વર્ષની નાની ઉંમરે અંધજનોને ભણવા માટે એક પુસ્તક પણ છાપી દીધું. લુઈ બ્રેઈલે પોતાની વિકલાંગતા

રજુઆત **શ્રી અર્જુન ગઢિયા** અમરેલી

પર વિજય મેળવી અંધજન લોકોને જ્ઞાન પ્રાપ્ત કરવા માટેનો રસ્તો ખોલી આપ્યો.

**સોડમ :** વ્યક્તિએ વિપરીત સ્થિતિમાં પણ હિંમતથી કામ લેવું જોઈએ.

## ચલાલા : અમૃત પુષ્પના ઔષધ દ્વારા અનેક દર્દીઓ સાજા થતાં જોવા મળે છે



સાવરકુંડલા, તા.૧૭

ચલાલા ખાતે ભાવેશભાઈ ઠુંમર હાલ અમૃત પુષ્પ ઉકાળો જેને તમે ખરા અર્થમાં સંજીવની ઔષધ કહી શકો તેવું અમૃત પુષ્પ આયુર્વેદિક ઔષધનું દર્દીઓને ખૂબ નજીવી કિંમતે વિતરણ કરતાં જોવા મળે છે. ખાસ કરીને જીવનની અસાધ્ય બીમારીથી પીડાતા દર્દીઓ માટે આ ઔષધ વરદાન રૂપ સમાન સાબિત થઈ રહ્યું છે. આમ તો આ ઔષધના મૂળ સંશોધક સ્વ.દિનેશભાઈ વીઠલાણી દ્વારકાવાળા છે. પરંતુ તેમણે આ ઔષધની ફોર્મ્યુલા તેમના સેવાભાવી અનુયાયીઓને આપી અને દર્દીઓને છેક દૂર દ્વારકા સુધી ધક્કો ન થાય તે ઉદ્દેશથી સૌરાષ્ટ્ર તેમજ ગુજરાતના અનેક શહેરોમાં આ ઔષધ વિતરણ કરવાની અનુમતિ આપી હતી. આ સંદર્ભે ચલાલા ખાતે ભાવેશભાઈ હુંમર પણ સ્વ. દિનેશભાઈ વીઠલાણી દ્વારકાવાળાના સપનાને સાકાર કરવા માટે આ અમૃત પુષ્પનું વિતરણ કરતાં જોવા મળે છે. અહીં કેન્સર, હાર્ટ બ્લોકેજ, ચર્મરોગ, – વર્ષોનાં સાંધાના દુ:ખાવાને લગતા દર્દો સમેત થાઈરોઈક જેવી ગંભીર બીમારી ધરાવતા દર્દીઓ પણ આવે છે અને પોતાના દર્દના નિવારણ માટે અમૃત પુષ્પ લઈ જતા જોવા મળે છે. અને આ ઔષધ દ્વારા અનેક દર્દીઓને તેઓના દર્દમાથી છૂટકારો પણ મળતો જોવા મળે છે. આ અમૃત પુષ્પ આમ તો સ્વ. દીનેશભાઈ વીઠલાણી દ્વારકાવાળાની ફોર્મ્યુલા મુજબ બનાવેલ આયુર્વેદિક ઉકાળો જ છે. આ અમૃત પુષ્પના સેવનદરમિયાન થોડી પરેજી પાળવાની હોય છે અને લગભગ ત્રણ માસમાં તો દર્દ ગાયબ થતું પણ જોવા મળે છે. આવા અનેક દર્દીઓને અહીં દર્દની પીડાથી મુકિત પણ મળે છે. પથારીવશ થયેલા દર્દીઓ પણ સાજા થઈ શકે છે એવું પણ ભાવેશભાઈએ સાવરકુંડલા શહેરના પત્રકાર બિપીનભાઈ પાંધીને જણાવ્યું હતું. ખૂબ જ નજીવી કિંમતે આ અમૃત પુષ્પ દર્દીઓ માટે ખરા અર્થમાં અમૃત સમાન સાબિત થઈ રહ્યું છે. ધારી તાલુકાના ચલાલા ગામે અમૃત પુષ્પ નામનો ઉકાળા ઔષધ દ્વારા અનેક દર્દીઓને સાજા કરવામાં જેનું મહત્વનું યોગદાન છે એવા સેવાભાવી નાગરિક ભાવેશભાઈ ઠુંમરની સેવાની કિર્તી હવે ચલાલાના સીમાડા ઓળંગી સૌરાષ્ટ્રના છેવાડે પહોંચી છે.

સાવરકુંડલા શહેરનાં વરિષ્ઠ પત્રકાર બિપીનભાઈ પાંધી સાથેની મુલાકાત મુલાકાત દરમિયાન તેમણે આયુર્વેદિક ઔષધિઓનાં અનેક ઉપયોગ સંદર્ભે ખૂબ ઉંડાણથી વાતો કરી હતી. આજના યુગમાં એલોપથી ઔષધિથી થાકેલા અને હારેલા અનેક દર્દીઓ તેમની પાસે આવે છે.. અને નજીવી કિંમત અને પરેજી પાળીને તેમના દ્વારા તૈયાર કરવામાં આવેલ અમૃત પુષ્પનું સેવન કરી અને સાજામાજા થયાના સંતોષ સાથે ભાવેશભાઈનો આભાર માની તેમની આ સેવાકીય પ્રવૃત્તિઓને બિરદાવતાં જોવા મળે છે.

ભાવેશભાઈની વિશેષ વાત કરીએ તો ગુરૂમહારાજમાં અખૂટ શ્રધ્ધા સાથે આ સેવાકીય પ્રવૃત્તિઓ ફક્ત લોકો રોગમુક્ત બને એ આશય સાથે જ કરે છે એ નોંધનીય બાબત ગણી શકાય. વળી ખાસ ધાર્મિક સ્વભાવ સાથે હરિ ભજનના પણ ખૂબ શોખીન છે. સત્સંગ અને સદ્વિચાર એ એના જીવનનું અમૂલ્ય ભાથું છે. લોકોને પીડાથી મુક્તિ મળે એ જ એનું અંતિમ ધ્યેય છે. લક્ષ્મી તો આજે છે ને કાલે ન પણ હોય પરંતુ દર્દીઓના આશીર્વાદ સતત સાથે રહે છે એવું તેમનું અંગત માનવું છે. ઈશ્વરે અમૂલ્ય જીવન આપ્યુ છે તો એનો શ્રેષ્ઠતમ ઉપયોગ આવી સેવાકીય પ્રવૃત્તિઓ દ્વારા થઈ શકે છે.એવું એમનું સ્પષ્ટ માનવુ છે.

### શ્રી જલારામ ધુન મંડળ દ્વારા રાબેત મુજબ

## જય જલારામ : અમરેલીથી આગામી શુક્રવારે વીરપુર સુધીની પદયાત્રા યોજાશે

**રાત્રિનાં ૯ કલાકે પ્રસ્થાન કરી રવિવારે સમાપન**

અમરેલી, તા. ૧૭

જલારામ ધૂન મંડળ પરિવાર અમરેલી દ્વારા દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ અમરેલી થી વીરપુર પદયાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે.

જલારામ ધૂન મંડળ પરિવાર અમરેલી દ્વારા આગામી તા.૧૯/૧૨/૨૫ને શુક્રવારના રોજ રાત્રીના ૯ કલાકે આ પદયાત્રા પ્રસ્થાન થશે.

અત્રેના લીલીયા રોડ ખાતે આવેલ જલારામ મંદિરથી જય જલિયાણના જયઘોષ સાથે પ્રસ્થાન થનારી અમરેલી થી વીરપુર પદયાત્રામાં બહોળી સંખ્યામાં ભાવિકો જોડાઈ રહ્યા છે.




જયારે આ પદયાત્રા રાત્રીના ૯ કલાકે પ્રસ્થાન કરી વહેલી સવારે દેરડી મુકામે પહોંચી વિશ્રામ કરશે જયાં બપોરના ભોજન બાદ ૨ કલાકે દેરડી થી પ્રસ્થાન કરી સાંજના ૭ કલાકે સુલતાનપુર મુકામે રાત્રી રોકાણ કરશે જયાંથી વહેલી સવારના ૪/૩૦ કલાકે પ્રસ્થાન કરી સવારના ૧૦ કલાકે જય જલિયાંણના નાદ સાથે વીરપુર ધામ પહોંચશે.

જલારામ ધૂન મંડળ પરિવાર અમરેલી દ્વારા દર વર્ષે યોજાતી અમરેલી થી વીરપુરની ભવ્ય પદયાત્રામા જોડાવા માટે હિરેન માધાણી– ૯૯૨૪૫ ૨૧૯૪૦ રાકેશ સોમૈયા– ૯૮૨૪૯ ૭૨૭૨૫ દર્શન ખખ્ખર– ૯૪૨૮૭ ૯૪૯૪૨ પરેશ ખખ્ખર–૯૬૩૮૧ ૮૮૮૯૨ મનીષ મૂળિયાં– ૯૪૮૪૫ ૧૫૧૬૭નો સંપર્ક કરી વહેલી તકે નામ નોંધાવવા માટે ભાવેશભાઈ સોમૈયાની યાદીમાં જણાવાયું છે.

### એસ.ટી.નાં અધિકારીઓ રૂટ બંધ કરવાનાં કામે ચડયા

## બાબરા પંથકનાં એસ.ટી.નાં મુસાફરો સતત બંધ થતાં રૂટથી પરેશાન થયા

**નબળી નેતાગીરીનાં અભાવે આમ મુસાફરો પરેશાન**

બાબરા, તા. ૧૭

બાબરામાં વર્ષોથી ચાલતા રૂટ એસ. ટી. વિભાગ દ્વારા કાતો બંધ કરવામાં આવ્યા અથવા તો અનિયમિત છે પણ ધ્યાન આપવામાં આવતું નથી. જેમાં જેતપુર બાબરા લોકલ જે સવારે દસ વાગે અને સાંજે ચાર વાગે મળતી તે બંધ કરવામાં આવી. અમરેલી રાજકોટ સવારે આઠ કલાકે મળતી બંધ રાજકોટ બાબરા અતિ મહત્વની બપોરે બે વાગે મળતી શહેરના તમામ લોકો અને વેપારીઓ ને અનુકૂળ આવતી તે બંધ કરવામાં આવી તેમજ ગારીયાધાર પાલિતાણા ગોંડલ અને જૂનાગઢ માટે દિવસમાં એકજ કા સવારે અથવા સાંજે એમ એકજ બસ મળે છે.

અહીં જૂનાગઢ ભાવનગરની બે બસ શરૂ હતી. સવારની અને સાંજની એમાં સવારની બંધ કરી અને સાંજની શરૂ રાખી ગોંડલ જેતપુર અને જૂનાગઢ જવા માટે મુસાફરોને આટકોટ જેતપુર થઈ જૂનાગઢ જવાની ફરજ પડે છે. જેમાં મુસાફરોના સમય અને નાણાં નો વ્યય થાય છે. ગારીયાધાર રાજકોટ એકજ લોકલ બસ આવે છે કે ખુબજ અનિયમિત અમદાવાદ સુરતની બસો મળે છે. દિવસમાં એક બે વાર તે પણ કલાક કલાક મોડી આવે છે. બરોડા આણંદની એકપણ બસ આવતી નથી. વાયા ચાંવડ થાય છે. તો બાબરા કેમ નહિ તેવું મુસાફરો દ્વારા જણાવ્યું હતું. શહેરના વેપારીઓને અમદાવાદ ખરીદી રહેતી હોવાથી અમદાવાદથી સીધી એકપણ બસ બાબરા નથી આવતી મોડી રાત્રે ચાંવડ ઉતરવાની ફરજ પડે છે. ત્યારે સ્થાનિક તંત્ર અને ધારાસભ્ય આ બાબતે યોગ્ય કરી બાબરા તાલુકાને પૂરતા પ્રમાણમાં એસ .ટી. બસની સુવિધાઓ ઉપલબ્ધ થાય તેવી લાગણી અને માગણી સ્થાનિક વેપારીઓ અને મુસાફરો વર્ગ દ્વારા કરવામાં આવી છે.

## પાલિકાનાં વિપક્ષી નેતાએ માંગેલ માહિતીમાંથી ચોંકાવનારી વિગતો પ્રકાશમાં આવી

# લ્યો બોલો : અમરેલી પાલિકાનાં બંધ વાહનો કાગળ ઉપર દોડે છે

**પાલિકામાં છેલ્લા ૧૫ વર્ષમાં જનતા જનાર્દનનાં પરસેવાનાં પૈસાથી સેંકડો વાહનોની ફાળવણી કરાઇ**

**મોટાભાગનાં વાહનો ભંગાર હાલતમાં હોય કોઇની જવાબદારી નક્કી થતી નથી**

**જનતા લોહી-પાણી એક કરીને જે કમાણી કરે તેમાંથી કરવેરાનાં નાણા ભરે અને તેનો થાય દુરૂપયોગ**

**વિપક્ષી નેતાએ ચીફ ઓફિસરને પાઠવેલ પત્રમાં ચોંકાવનાર વિગતો જણાવી**



અમરેલી, તા. ૧૭

અમરેલી નગરપાલિકામાં ચાલતા અણઘડ વહીવટથી શહેરીજનોને પ્રાથમિક સુવિધા મેળવવા ભારે સંઘર્ષ કરવો પડે છે. અથવા તો પ્રાથમિક સુવિધાથી વંચિત રહેવું પડે છે. શહેર આજે જિલ્લાનું મુખ્ય મથક હોવા છતાં રખડતા પશુઓ, જાહેર માર્ગો ઉપર દબાણ, ગંદકી, બંધ સ્ટ્રીટલાઈટ, બિસ્માર માર્ગો સહિતની સમસ્યા વિકરાળ બની ચુકી છે અને વધુ એક ગેરરીતિ અને ફરજમાં બેદરકારી દર્શાવતી વિગત પ્રકાશમાં આવી છે.

પાલિકાનાં વિપક્ષી નેતા સેજલબેન સોલંકીએ પાલિકા પાસેગી છેલ્લા ૧૫ વર્ષમાં આવેલ વાહનોની સઘળી વિગતો માંગેલ. જેમાં અપાયેલ માહિતી મુજબ અનેક વાહનો ભંગાર હાલતમાં પડયા હોવા છતાં પાલિકાએ

**અનુસંધાન પાના ૬ ઉપર**


LG Life's Good.
Not just any AI Smart TV
NEXT-GEN LG AI TV
GST 28% >>> 18%
LG OLED
α11 4K AI Processor Gen2 | Dolby VISION·ATMOS | webOS Re:New Program | AI Voice ID Chatbot | Microsoft Copilot
Festive Offers
3 YEAR WARRANTY (On Select LG TVs)
Up to 26% CASHBACK Max ₹26000 ON SELECT CREDIT / DEBIT CARDS
Up to 30% OFF ON LG SOUNDBAR (With Select 4K TVs)
*T&C Apply
LG BEST SHOP
મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચક્કરગઢ રોડ, અમરેલી
Mo.94081 59606 / 99747 72377
VISIT LG BEST SHOP FOR ATTRACTIVE CASH BACK

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૬૪૦૦૧
: હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૭૨

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ મો. ૯૯૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે. બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
• Franchise Development Manager - 1 Experience: 1-2 Years
• Sales & Marketing Officer - 2 Experience: 1-2 Years
• Night Billing Executive - 2 Experience: 1-2 Years
• Reporting Manager - 2 Experience: 1-2 Years
• Junior Accountant - 1 Experience: 1-2 Years
• Trainer - 1 Experience: 1-2 Years
Location: Amreli
hrscpl1987@gmail.com
+91 95109 59957

આમ આદમીનું અખબાર
અમરેલી એક્સપ્રેસ





આપના માટે લાવી રહ્યું છે લવાજમ યોજના
વાર્ષિક લવાજમ યોજના ૨૦૨૬
લવાજમ ભરો માત્ર ₹ ૮૯૯/-
અને મેળવો આખું વર્ષ અમરેલી એક્સપ્રેસ...
સચોટ-સટીક સાતત્યસભર દૈનિક
એજન્ટ/પત્રકારની નિમણુંક કરવાની છે
અમરેલી જિલ્લાનાં સર્વાધિક લોકપ્રિય દૈનિક "અમરેલી એક્સપ્રેસ"નું નિયમિત ડોર ટુ ડોર વેચાણ કરાવી શકે, સ્થાનિક સમાચારો મોકલી શકે અને જાહેરખબરનું કલેક્શન કરી શકે તેવા વ્યકિતઓની રાજુલા, વીજપડી, સા.કુંડલા, દામનગર, વડિયા, ધારી, ખાંભા, નાગેશ્રી, ટીંબી, ડુંગર, ડેડાણ, લાઠી સહિતના ગામોમાં નિમણુંક કરવાની હોય, જે કોઈ વ્યકિત "અમરેલી એક્સપ્રેસ" સાથે જોડાવવા ઉત્સુક હોય તેઓએ નીચેના સ્થળે/સમયે રૂબરૂ અથવા મોબાઈલથી સંપર્ક કરવા જણાવામાં આવે છે.
લવાજમની મુદ્દત તા.૦૧-૦૧-૨૦૨૬ થી તા.૩૧-૧૨-૨૦૨૬
www.amreliexpress.com
e-mail : amreliexpress7@gmail.com
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨, મો. ૯૮૨૫૦૦૭૪૪૩


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)